# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

25 JANUARY, 2026 SUNDAY



પેજ 2



છેવાડાના ગામો હવે પોલીસના સીધા સુરક્ષા કવચ હેઠળ 7 ગામોમાં લોખંડી બંદોબસ્ત

પેજ 3



LCB એ વિદેશી દારૂની 60 બોટલ સાથે બીલીમોરાના બે શખ્સોને ઝડપી પાડ્યા

પેજ 7



ડભોઈ નગરપાલિકાની ઘોર બેદરકારી સ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય માર્ગ પર મોતના ખાડા

પેજ 5



સાંઘીઅર ગામે રૂ. ૫.૧૦ કરોડનાં વિકાસ કામોનું ખાતમૂહૂર્ત અને લોકાપર્ણ સમારોહ



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 307 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


તોફાનના ડરથી લોકો ગ્રોસરી સ્ટોર પર એકઠા થઈ રહ્યા છે. ઘણી દુકાનોમાં પાણી, ઈંડા, માખણ અને માંસની અછત સર્જાઈ

# અમેરિકાના ૧૫ રાજ્યોમાં બરફના તોફાનનો ખતરો: ૨૦ કરોડ લોકો પર સંકટ

## ૭૦૦૦થી વધુ ફ્લાઇટ્સ રદ, ઈમરજન્સી જાહેર કરાઈ : ઘણા વિસ્તારોમાં ૧૦ થી ૧૪ ઈંચ સુધી હિમવર્ષા થવાનો અંદાજ

• વોશિંગ્ટન ડીસી, તા.૨૪

અમેરિકામાં બર્ફીલા તોફાનની ચેતવણી બાદ ૧૫ રાજ્યોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. જ્યારે બે દિવસમાં ૭૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ ચૂકી છે. નેશનલ વેધર સર્વિસ અનુસાર, ૨૦ કરોડ એટલે કે લગભગ બે-તૃતીયાંશ અમેરિકનો આ તોફાનની ઝપેટમાં આવી શકે છે. તોફાનના ડરથી લોકો ગ્રોસરી સ્ટોર પર એકઠા થઈ રહ્યા છે. ઘણી દુકાનોમાં પાણી, ઈંડા, માખણ અને માંસની અછત સર્જાઈ છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે તોફાન સાથે ભારે હિમવર્ષા, વરસાદ અને ઠંડી આવશે, જેના કારણે પરિસ્થિતિ અત્યંત ખતરનાક બની શકે છે.

ઘણા મોટા શહેરોના એરપોર્ટ પણ તેનાથી પ્રભાવિત થયા છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટઅવેર અનુસાર, શનિવારે અમેરિકામાં ૩,૨૦૦થી વધુ ફ્લાઈટ્સ અને રવિવારે લગભગ ૪,૮૦૦ ફ્લાઈટ્સ રદ. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડું અમેરિકાના હાઈ પ્લેન્સથી શરૂ થઈને ધીમે ધીમે પૂર્વ તરફ આગળ વધશે. તેની અસરથી મેમ્ફિસ, નેશવિલ, વોશિંગ્ટન ડીસી, બાલ્ટીમોર, ફિલાડેલ્ફિયા અને ન્યૂયોર્ક જેવા મોટા શહેરોમાં હિમવર્ષા થશે. સધર્ન રોકીઝ અને પ્લેન્સથી લઈને મિડ-એટલાન્ટિક થઈને નોર્થ-ઈસ્ટ સુધી ભારે બરફ પડવાનો અંદાજ છે. NWS અનુસાર, કોલોરાડોથી લઈને વેસ્ટ વર્જિનિયા અને બોસ્ટન સુધીના ઘણા વિસ્તારોમાં ૧૨ ઈંચથી વધુ બરફ પડી શકે છે. ન્યૂયોર્ક શહેરની આસપાસના કેટલાક વિસ્તારોમાં રવિવાર સવારથી સોમવાર સુધી ૧૦ થી ૧૪ ઈંચ હિમવર્ષા થઈ શકે છે અને ૩૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. દક્ષિણ-પૂર્વીય અમેરિકાના મોટા ભાગમાં પણ થીજી જતી ઠંડી પડશે.





તોફાનના કારણે એર ઇન્ડિયાએ ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ ન્યૂયોર્ક અને નેવાર્કથી આવતી-જતી તેની તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. યાત્રા સંબંધિત સલાહમાં, એરલાઈને જણાવ્યું કે રવિવાર સવારથી સોમવાર સુધી ન્યૂયોર્ક, ન્યૂ જર્સી અને આસપાસના વિસ્તારોમાં ભારે હિમવર્ષા થવાની સંભાવના છે, જેનાથી ફ્લાઈટ સંચાલનમાં મુશ્કેલી પડી શકે છે. એર ઈન્ડિયાએ મુસાફરોને તેમની ફ્લાઈટ્સની સ્થિતિ તપાસવા અને જરૂર પડયે ટિકિટ રદ કરવા અથવા શિફ્ટ કરવા જેવા અન્ય વિકલ્પો પર વિચાર કરવાની સલાહ આપી છે.

ઈમરજન્સી જાહેર કરાયેલા રાજ્યોમાં નેશનલ ગાર્ડ અને રેસ્ક્યુ ટીમોને તૈનાત કરવામાં આવી છે. ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલે જણાવ્યું કે બરફ હટાવવા માટે સમગ્ર રાજ્યમાં ૧,૬૦૦ થી વધુ સ્નો પ્લો મશીન અને ૧,૧૪,૦૦૦ ટન મીઠું તૈયાર છે. મીઠું બર્ફીલા સ્તરને ઓગાળે છે, જેનાથી રસ્તાઓ પરથી બરફ હટાવવામાં સરળતા રહે છે. ન્યૂયોર્ક સિટીના મેયર જોહરાન મમદાનીએ જણાવ્યું હતું કે, ૨ ઈંચ બરફ જમા થવા પર હજારો સેનિટેશન વર્કર્સ અને ૨,૨૦૦ સ્નો પ્લો તૈનાત કરવામાં આવશે. સબવે અને બસો ચાલુ રહેશે, પરંતુ લોકો ઘરે રહેવાનો પ્રયાસ કરે. હોચુલે લોકોને ઘરથી કામ કરવા, જરૂરી સામાન અગાઉથી એકત્રિત કરવાની અપીલ કરી છે. તેમણે બરફ હટાવતી વખતે સાવચેતી રાખવાની અપીલ કરી છે, કારણ કે તેનાથી હાર્ટ એટેકનું જોખમ વધી જાય છે. ન્યૂયોર્ક સિટીના મેયર જોહરાન મમદાનીએ જણાવ્યું હતું કે, ૨ ઈંચ બરફ જમા થવા પર હજારો સેનિટેશન વર્કર્સ અને ૨,૨૦૦ સ્નો પ્લો તૈનાત કરવામાં આવશે. સબવે અને બસો ચાલુ રહેશે, પરંતુ લોકો ઘરે રહેવાનો પ્રયાસ કરે.

# પોરબંદરમાં કાયદો-વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા જિલ્લા પોલીસ વડાની માસિક ક્રાઈમ કોન્ફરન્સ

## પ્રશંસનીય કામગીરી બદલ મહિલા પોલીસ, LCB, SOG સહિત ૨૧ પોલીસ અધિકારી-કર્મચારીઓને પ્રસંશાપત્રથી સન્માન

• ગોસા (ઘેડ) તા.૨૪

પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તેમજ શહેર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાઓનું અસરકારક નિરાકરણ લાવી શકાય તે હેતુસર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી સ્થિત ક્રાઈમ કોન્ફરન્સ હોલ ખાતે ડિસેમ્બર-૨૦૨૫ની માસિક ક્રાઈમ કોન્ફરન્સ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કોન્ફરન્સ દરમિયાન જિલ્લા પોલીસ વડાએ તહેવારો દરમ્યાન શરીર સંબંધી તથા મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા, તડીપાર જેવા અટકાયતી પગલાં અસરકારક રીતે અમલમાં મૂકવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પકડવા તેમજ અસામાજિક તત્વોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક વોચ રાખવા અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ગેરકાયદેસર બાંધકામો શોધી તેને ડીમોલીશ કરવાની કામગીરી વધુ સક્રિય બનાવવા પણ સૂચના આપવામાં આવી હતી.

શિયાળાની ઋતુ દરમ્યાન વધતા ઘરફોડ ચોરીના ગુનાઓને અટકાવવા માટે અસરકારક નાઈટ પેટ્રોલિંગનું આયોજન કરવા, રાત્રિ દરમિયાન હોટલ-ધાબાઓની નિયમિત ચેકિંગ કરવા, ગ્રામિણ વિસ્તારોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવા, HS-MCR ચેકિંગ વધારવા તેમજ માર્ગ અકસ્માતો નિવારવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

આ માસિક ક્રાઈમ કોન્ફરન્સમાં નાયબ પોલીસ અધિક્ષક ઋતુ રાબા (પોરબંદર શહેર ડિવિઝન તથા મુખ્ય મથક), નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુ (પોરબંદર ગ્રામ્ય ડિવિઝન) ઉપરાંત તમામ પોલીસ સ્ટેશન તથા વિવિધ બ્રાન્ચના અધિકારી ઓ હાજર રહ્યા હતા.



૨૧ પોલીસ કર્મચારીઓનું સન્માન

માહે નવેમ્બર તથા ડિસેમ્બર-૨૦૨૫ દરમ્યાન અનડીટેકટ મિલ્કત સંબંધી ગુનાઓ ડિટેક્ટ કરવી, વર્ષો થી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા, મર્ડર, એન.ડી.પી.એસ., અપહરણ, સાયબર ફ્રોડ જેવા ગંભીર ગુનાઓ ઉકેલવા તેમજ "સેફ પોરબંદર" ફલટર પ્રોજેક્ટને સફળતાપૂર્વક અમલમાં મૂકવા બદલ મહિલા પોલીસ સ્ટેશન, એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ-ફર્લો સ્કોડ, કમલાબાગ પોલીસ સ્ટેશન, નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર તથા વાયરલેસ-આઈ.ટી. વિભાગના કુલ ૨૧ પોલીસ અધિકારી અને કર્મચારીઓને પ્રસંશાપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિશેષ રૂપે, વર્ષો પહેલાં અપહરણ થયેલી કિશોરીને શોધી કાઢી પરિવાર સાથે સુખદ મિલન કરાવવું, ઘરફોડ ચોરી કરતી ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી, એન.ડી.પી.એસ. કેસોમાં ગેરકાયદેસર ગાંજાની જપ્તી, વર્ષોથી ફરાર આરોપીઓની ધરપકડ તથા સી.સી.ટી.વી. કેમેરાની મદદથી વાહન અકસ્માત ના આરોપીઓને શોધી કાઢવા જેવી પ્રશંસનીય કામગીરી ને જિલ્લા પોલીસ વડાએ બિરદાવેલી.

પ્રસંશાપત્ર પ્રાપ્ત કરનાર પોલીસ અધિકારી / કર્મચારીઓમાં મહિલા પોલીસ સ્ટેશન પો.ઈન્સ્પે. આર.એમ. રાઠોડ વુમન પો.કોન્સ્ટે. શીતલબેન બાલુભાઈ, એલ.સી.બી. પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ઉદયભાઈ કેશુભાઈ વરૂ પો.હેડ.કોન્સ્ટે. સલીમભાઈ વજરૂદીનભાઈ પઠાણ, એ.એસ.આઈ. રાજેન્દ્ર ભાઈ ભગવાનજીભાઈ જોષી એ.એસ.આઈ. રણજીતસિંહ અમરાભાઈ દયાતર એ.એસ. આઈ. વિપુલભાઈ રાયસિંહભાઈ ઝાલા, વુમન એ.એસ.આઈ. રૂપલબેન વિઠ્ઠલભાઈ લખધીર, પો.હેડ. કોન્સ્ટે. લખમણભાઈ મેરૂભાઈ ઓડેદરા, વુમન પો. કોન્સ્ટે. કીર્તિબેન ભરતભાઈ ઓડેદરા, પો. કોન્સ્ટે. અજયભાઈ લખમણભાઈ ચૌહાણ, એસ.ઓ.જી.ના પો.હેડ. કોન્સ્ટે. ભરતસિંહ કાળુભા ગોહિલ, સાથે પો.કોન્સ્ટે. અરજન ભાઈ અરભમ ભાઈ ઓડેદરા, એ.એસ. આઈ. રવિન્દ્રભાઈ શાંતિભાઈ ચાંઉ, પેરોલ - ફર્લો સ્કોડ ના એ.એસ. આઈ. હરેશ ભાઈ રામભાઈ આહિર પો.હેડ. કોન્સ્ટે. ભુપેન્દ્ર સિંહ દિલાવરસિંહ ઝાલા, પો.હેડ.કોન્સ્ટે. પીયૂષભાઈ રણમલભાઈ સિસોદીયા, કમલાબાગ પોલીસ સ્ટેશનના પો.કોન્સ્ટે. દેવેન્દ્રસિંહ રણજીત સિંહ જાડેજા, પો. કોન્સ્ટે. સાજન ભાઈ રામશીભાઈ વરૂ, નેત્રમ - કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ના પો.હેડ. કોન્સ્ટે. ભરતભાઈ ભુપતભાઈ વાઢેર, પો.કોન્સ્ટે. કિશનભાઈ રમેશભાઈ મકવાણા, વાયરલેસ / આઈ.ટી. વિભાગના આઈ.ટી. એક્સપર્ટ ક્રિષ્ના લખમણભાઈ ગોઢાણીયા આઈ.ટી. એક્સપર્ટ મનીષ પ્રદીપભાઈ રાયચુરાનાઓ ને બિરદાવવામાં આવ્યા હતા.

# ઝઘડિયાનો બે વર્ષથી ફરાર આરોપી પકડાયો

• ભરૂચ,

ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડે ઝઘડિયા પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી મુકેશ કરશનભાઈ ગોહિલને સુરતથી ઝડપી પાડ્યો છે. આરોપી સામે ભારતીય દંડ સંહિતા (IPC) અને મોટર વાહન અધિનિયમ (MV Act) હેઠળ ગુનો નોંધાયેલો હતો. પોલીસને બાતમી મળી હતી કે, સુરતના વરાછા રોડ પર ખોડિયાર નગર, શ્વેત રાજ સોસાયટીમાં રહેતો આરોપી મુકેશ ગોહિલ તેના ઘરે આવ્યો છે. આ બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ સુરત ખાતે તપાસમાં પહોંચી હતી. હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે આરોપી મુકેશ



કરશનભાઈ ગોહિલને સુરત ખાતેથી ઝડપી પાડયો હતો. તેની ધરપકડ બાદ આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેને ઝઘડિયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

LCBએ કુલ ૯.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત

# વલસાડ LCBએ ઉમરગામથી ૪.૨૬ લાખનો દારૂ ઝડપ્યો : દમણથી ક્રેટા કારમાં લવાતો

• વલસાડ,

વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ઉમરગામના મોહનગામ ખાતેથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે કાર્યવાહી કરતા પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે સફેદ કલરની હુન્ડાઈ ક્રેટા કાર (GJ-15-CG-8007) માંથી ૧૫૯૬ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી હતી. આ દારૂ કારની પાછળની સીટ અને ડીક્કીના ભાગે ગુપ્ત રીતે સંતાડવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા દારૂના જથ્થાની કિંમત ૪,૨૬,૮૬૪/- આંકવામાં આવી છે. કાર સહિત કુલ ૯,૩૬,૮૬૪/- નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. પોલીસે કાર ચાલક રાહુલ દિલીપસિંગ (રહે. દમણ, મૂળ



બિહાર) ને ઘટનાસ્થળેથી ઝડપી લીધો હતો.

દારૂનો જથ્થો ભરાવી આપનાર અને પાયલોટિંગ કરનાર દમણના મિત્તલ નામના શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપી અને જપ્ત કરાયેલા મુદ્દામાલનો કબજો આગળની તપાસ માટે ભિલાડ પોલીસને સોંપવામાં આવ્યો છે.

ભુપેન્દ્રભાઈ મકવાણાએ પરિવાર સાથે જન્મદિવસની ઉજવણી કરી

# રાણપુરમાં ઉદ્યોગપતિના 75મા જન્મદિવસે 550 વિદ્યાર્થીનીઓને સ્કૂલ બેગ અપાઈ

• બોટાદ

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં આવેલા વિશ્વ વિખ્યાત ટેક્સપીન બેરીંગ કંપનીના માલિક ભુપેન્દ્રભાઈ ચુનીલાલ મકવાણાએ પોતાના 75મા જન્મદિવસની વિશેષ રીતે ઉજવણી કરી હતી. તેમણે રાણપુરની રૂક્ષ્મણીબેન અમૃતલાલ શેઠ કન્યાશાળાની 550 વિદ્યાર્થીનીઓ સાથે આ જન્મદિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે, ભુપેન્દ્રભાઈ મકવાણાએ શાળાની તમામ 550 વિદ્યાર્થીનીઓને સ્કૂલ બેગનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવાનો અને તેમના શિક્ષણમાં મદદરૂપ થવાનો હતો. આ વિશેષ ઉજવણીમાં ભુપેન્દ્રભાઈ મકવાણાના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં માલતીબેન મકવાણા, સ્નેહલબેન વિશાલભાઈ મકવાણા, સપનાબેન દીપેનભાઈ મકવાણા, નિયા દિપેનભાઈ



મકવાણા, રીયાંશ વિશાલભાઈ મકવાણા, અગસ્થય વિશાલભાઈ મકવાણા, કલ્પનાબેન, ભરતભાઈ ધંધુકીયા અને આશાબેન ધંધુકીયા હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય અને શિક્ષક સ્ટાફ દ્વારા ઉદ્યોગપતિ ભુપેન્દ્રભાઈ મકવાણાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓ સાથે જન્મદિવસની ઉજવણી અને સ્કૂલ બેગ વિતરણના આ પ્રેરણાદાયક કાર્ય બદલ શાળા પરિવારે તેમની સરાહના કરી હતી...

# શૌર્ય તલવાર રાસ વિધાર્થીઓ એ દેશ ભક્તિ વિરશહિદ ભગતસિંહ સહિત ના શહિદોનુ નાટક તેમજ વૃક્ષો બચાવો દેશ બચાવો અભિયાન

## શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ ને ઉપસ્થિત આગેવાનો આમંત્રિત મહેમાનો હસ્તે સિડ આપી સન્માનિત

લોધીકા: રાતૈયા પ્રાથમિક શાળામા રંગતરંગ સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવેલ જેમાં શાળાની વિધાર્થીનીઓ દ્વારા શૌર્ય તલવાર રાસ વિધાર્થીઓ એ દેશ ભક્તિ વિરશહિદ ભગતસિંહ સહિત ના શહિદોનુ નાટક તેમજ વૃક્ષો બચાવો દેશ બચાવો અભિયાન નાટક રજુ કરવામાં આવેલ તેમજ શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ ને ઉપસ્થિત આગેવાનો આમંત્રિત મહેમાનો હસ્તે સિડ આપી સન્માનિત કરવામાં આવેલ આ રંગતરંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રાતૈયા ગામ સરપંચ મહાવીરસિંહ જાડેજા મહામંત્રી મયુર સિંહ જાડેજા જીલ્લા આગેવાનો મનહરભાઈ બાબરીયા મુકેશભાઈ તોગડિયા પૂર્વ સરપંચ પરાક્રમસિંહ જાડેજા રસિકભાઈ પેઢડીયા ગણપતસિંહ જાડેજા જીવરાજભાઈ ગાજીપરા સહીત ના ગ્રામજનો આગેવાનો તેમજ તાલુકા ના શિક્ષકગણો અધિકારીઓ શાળા ના શિક્ષકગણો વિધાર્થીઓ વાલીઓ ઉપસ્થિત રહેલ કાર્યક્રમ ને સફળ બનાવવા શાળાના આચાર્ય સંજયભાઈ મારકણા તેમજ શાળા પરીવારે જહેમત ઉઠાવેલ




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# છેવાડાના ગામો હવે પોલીસના સીધા સુરક્ષા કવચ હેઠળ 7 ગામોમાં લોખંડી બંદોબસ્ત

## ઉટીયાદરામાં નવી પોલીસ બીટનું SPના હસ્તે ઉદ્ઘાટન,




• અંકલેશ્વર,

અંકલેશ્વર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી ઉટીયાદરા ગામે નવી પોલીસ બીટનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાના હસ્તે આ બીટનું ઉદ્ઘાટન થતા હવે છેવાડાના સાત ગામોમાં સુરક્ષાનું વાતાવરણ વધુ મજબૂત બનશે.

આ નવી પોલીસ બીટ હેઠળ ઉટીયાદરા સહિત સિસોદરા, અડાદરા, કરમાલી, રવિદ્રા, પારડી અને પીલુદરા જેવા ગ્રામ્ય વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે. ઉદ્ઘાટન પ્રસંગે SP અક્ષયરાજ મકવાણાની સાથે પાનોલી PI શિલ્પા દેસાઈ અને સ્થાનિક અગ્રણી રાજેન્દ્રસિંહ વાસદીયા ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ નવી વ્યવસ્થાથી પોલીસ અને જનતા વચ્ચેનો સંપર્ક વધશે અને ગુનાખોરી ડામવામાં મોટી સફળતા મળશે. ગ્રામજનોએ પણ ઘરઆંગણે પોલીસ સુરક્ષા મળતા ભારે સંતોષ વ્યક્ત કર્યો છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ અને ગ્રામજનો હાજર રહી પોલીસને પૂરતો સહકાર આપવાની ખાતરી આપી હતી.

# અંકલેશ્વરના સુપર માર્કેટમાં ભંગારના ગોડાઉન પર SOGનો દરોડો: ૮૪૫ કિલો શંકાસ્પદ લોખંડના જથ્થા સાથે એક ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચ એસ.ઓ.જી. (SOG) એ અંકલેશ્વરના અંસાર માર્કેટ સામે આવેલા સુપર માર્કેટમાં 'સુપર એન્ટરપ્રાઈઝ' નામના ભંગારના ગોડાઉન પર ઓચિંતો દરોડો પાડી શંકાસ્પદ લોખંડના નટ-બોલ્ટ અને પ્લેટોનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ગોડાઉનમાંથી આશરે ૪૨,૦૦૦થી વધુની કિંમતનો ૮૪૫ કિલો લોખંડનો ભંગાર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ચોક્કસ બાતમીના આધારે પાડવામાં આવેલા આ દરોડા દર મિયાન પોલીસે સ્થળ પર હાજર મોહમંદ કામિલ તૌસિફ ખાન (રહે. સાહિન પાર્ક, પીરામણ) ને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા શખ્સે કબૂલાત કરી હતી કે આ ગોડાઉન તેના બનેવી અમાનત ક્લીમુલ્લા ખાનનું છે.

જાહેરનામું

## હોસ્પિટલ, શાળા, અદાલત અને ધાર્મિક સ્થળોના ૧૦૦ મીટર વિસ્તારમાં 'શાંત ઝોન' જાહેર

# મહીસાગરમાં માઈક, લાઉડસ્પીકર અને ડી.જે. પર કડક નિયંત્રણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

## રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવો

• કાનજી ધામોત મહીસાગર

અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ /વાજિંત્રો રાતના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય. લગ્ન તથા ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં નાચગાન કે ઘોંઘાટને કારણે ઝગડા તથા તકરારો ન થાય તેમજ ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લેવા તેમજ જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મહીસાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સી વી લટા દ્વારા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ ફરમાવતું જાહેરનામું બહાર પડાયું. 'મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તારમાં સરકારી કચેરીઓ, હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના. વિસ્તારને શાંત વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં, એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમમાં ઉપયોગ કરી શકાશે નહી.

રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવો. નાચગાન તથા ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરી શકાશે નહીં, ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ Ambient Air Quality Standard in respect of Noise અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાઓના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ની પર્યાવરણ સંરક્ષણની જોગવાઈઓ મુજબ Ambient Air Quality Standard હોવું જોઈએ તે જોતાં ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે વગાડવા પર કાયમને માટે પ્રતિબંધ છે. પરંતુ નીચેની શરતોને આધીન અગાઉથી અધિકૃત પરવાનગીના આધારે ફકત માઈક સીસ્ટમને પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે અને રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી શકાશે નહી. માઈક અને ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધમાંથી છૂટછાટ માટેની શરતો ડી.જે સીસ્ટમના માલીક કે જે આ સીસ્ટમ ભાડે આપે છે તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાત પણે નોંધણી કરાવવાની, માઈક સીસ્ટમ અને ડી.જે. વગાડવા માટે તેના માલીક/ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, ૦૭ દિન પહેલાં મંજૂરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયેથી પરવાનગી રદબાતલ થયેલ ગણાશ, વરઘોડો / રેલી, ધાર્મિક, રાજકીય કે સામાજિક શોભાયાત્રાઓના સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તની સંપૂર્ણ જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના અધિકાર ક્ષેત્રની જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી, આવી પરવાનગી માટેની અરજી લેખિતમાં હોવી જોઈએ તેમજ તેના ઉપર ઉપયોગ કરનાર વ્યક્તિની સહી હોવી જોઈએ, આવી પરવાનગીની અરજી તેના ઉપયોગ કરવાના હોય તે દિવસથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.અરજદાર તથા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ પરના અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાનાધારકોએ તે રજુ કરવાનો રહેશે, માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા પત્રક પ્રમાણે સવારના ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી જ થશે.

## પરંપરાગત ખેતી સાથે બાગાયતી વિવિધ પાકો મેળવી ખેડુત આત્મનિર્ભર બન્યાં

# ડાંગના પૂર્વપટ્ટી વિસ્તારના ખાંભલા ગામના ખેડુતે બાગાયત સાથે પ્રાકૃતિક ખેતીમા નવતર પ્રયોગ કરી મરચાંનો મબલખ પાક લણ્યો

માર્ગદર્શન

## કૃષિ અધિકારીશ્રીઓનું માર્ગદર્શન અને સરકારી યોજનાઓનો લાભ મેળવી ખેડુત અન્ય માટે પ્રેરણારૂપ બન્યાં



• આહવા-ડાંગ

ડાંગ જિલ્લાના છેવાડે આવેલા સુબિર તાલુકાના પૂર્વપટ્ટીના સરહદી વિસ્તારોમાં થતી પરંપરાગત ખેત પધ્ધતિ સિવાય બાગાયતી પાકોની ખેતી કરી ખાંભલા ગામના ખેડુત આત્મનિર્ભર બન્યાં છે. ડાંગના દુર્ગમ પહાડી વિસ્તારના ગામોમાં પરંપરાગત ડાંગર, નાગલી, સોયાબીન, મગફળી જેવી ખેતી કરતા ખાંભલા ગામના પ્રગતિશિલ ખેડૂત શ્રી સામરાવભાઈ ચૌધરીએ પ્રાકૃતિક ખેતી સાથે બાગાયતી પાકોની ખેતી કરી ખેતીમાં નવતર પ્રયોગ કર્યો છે. શ્રી સામરાવભાઈ ચોધરીએ પરંપરાગત ખેતી સાથે બાગાયતી પાકોની ખેતી કરવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં તેઓ ડાંગર, નાગલી, મગફળી વિગેરે પાકોની ખેતી કરતાં હતાં. પરંતુ સરકારના બાગાયત વિભાગના અધિકારીશ્રીનું માર્ગદર્શન તેમજ સરકારી યોજનાઓનો લાભ મેળવી તેઓએ બાગાયતી પાકોની ખેતી કરવાનુ શરૂ કર્યું હતું. છેલ્લાં બે ત્રણ વર્ષ થી બાગાયતી પાકોમાં તેઓ મરચાં સાથે, રિંગણાં, ટામેટાં જેવાં પોકોની ખેતી કરે છે. ખેતરમાં છાણિયા ખાતરનો ઉપયોગ કરીને તેઓએ મરચાંની ખેતીમાં મબલખ પાક લણ્યો છે. તેઓએ બાગાયત વિભાગની પ્લાસ્ટીક આવરણ, હાઈબ્રીડ શાકભાજી બિયારણ જેવી યોજનાઓ, સબસિડી વિગેરેની જાણકારી મળેવી. આઈ.ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરી તેઓએ પ્લાસ્ટિક આવરણ સાથે હાઈબ્રીડ શાકભાજી બિયારણની મંજુરી મળતા તેમણે પોતાના ખેતરમાં એક હેક્ટર વિસ્તારમાં મરચાંનુ વાવેતર કર્યું છે. જેમાં તેઓ પ્રતિ વર્ષ વાર્ષિક ત્રણ લાખ સુધીની આવક મેળવી રહ્યાં છે. એક મુલાકાતમાં શ્રી સામરાવભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, તેઓ પહેલાં એકલાં જ પોતાના ગામમાં બાગાયતી પાકોની મોટા પાયે ખેતી કરતાં હતાં. પરંતુ તેઓને જોઈ આ જ વિસ્તારના અન્ય ખેડુતોએ પણ માર્ગદર્શન મેળવી બાગાયત વિભાગ માંથી લાભ મેળવી, બાગાયતી ખેતી કરવાનું શરૂ કર્યુ જેના કારણે સમુહમાં ખેડુતો દ્વારા ખેતી કરતાં માર્કેટ સુધી પોતાનો સામાન પહોચાડવાં સરળતાં ઉભી થઈ છે. પોતાની ૧૦ હેક્ટર અને ૯૯ આરે જેટલી જમીનમાં ડાંગર કઠોળ અને હવે શાકભાજીના ઉત્પાદન કરતા આ પ્રગતિશિલ ખેડૂત વાર્ષિક ખેત ઉત્પાદન માંથી ૮ થી ૧૦ લાખ જેટલી આવક મેળવી રહ્યાં છે.

સુબીર તાલુકાના બાગાયત અધિકારી શ્રી અમુલભાઈ ગોંગે જણાવે છે કે, સુબીર તાલુકામાં ખેડુતો બાગાયતી ખેતી પ્રત્યે આકર્ષિત થાય તે માટે તેઓ ખેડુતોને માર્ગદર્શિત કરી રહ્યાં છે. સાથે જ ખેડુતોની આવકમાં વૃધ્ધિ થાય તે માટે પ્લાસ્ટિક આવરણ સાથેની શાકભાજીની ખેતી સમુહમાં કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યાં છે. જેના કારણે સુબીર તાલુકાના ખેડુતો પણ પ્રાકૃતિક ખેતી સાથે બાગાયતી પાકોની મોટાપાયે ખેતી કરવા લાગ્યાં છે.

# અંકલેશ્વર પોલીસે એક વર્ષથી નાસતા ફરતા બિહારના આરોપીને કચ્છથી દબોચી લીધો

## બિહારના ચંપારણનો વતની એવો આ આરોપી ગંભીર ગુનો આચરી કચ્છના બંદરીય વિસ્તારમાં આશરો લઈ રહ્યો હતો



• અંકલેશ્વર,

અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસની ટીમે બાતમીદારોના નેટવર્ક અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા રીઢા આરોપીને કચ્છના મુંદ્રા ખાતેથી ઝડપી પાડ્યો છે. બિહારના ચંપારણનો વતની એવો આ આરોપી ગંભીર ગુનો આચરી કચ્છના બંદરીય વિસ્તારમાં આશરો લઈ રહ્યો હતો.વિગતવાર માહિતી મુજબ, અજીત કુમાર મહેન્દ્રભાઈ યાદવ (રહે. ચંપારણ, બિહાર) વિરુદ્ધ અંકલે શ્વર શહેર 'એ' ડિવિઝન પોલી સ મથકે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ધરપકડથી બચવા માટે આરોપી સતત લોકેશન બદલી રહ્યો હતો. દરમિ યા ન , પોલીસને સચોટ બાતમી મળી હતી કે આરોપી હાલ કચ્છ ના મુંદ્રા વિસ્તારમાં છુપાયો છે. બા ત મી મળતા જ સર્વેલન્સ ટીમ તાત્કાલિક કચ્છ રવાના થઈ હતી અ ને અજીતકુમારને ઝડપી લીધો હ તો . પોલીસ આરોપીને અંકલેશ્વર લઈ આવી છે અને હવે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS ) મુજબ કાયદેસરની જેલ ભેગો કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# ભરૂચ SOGએ અંકલેશ્વરમાંથી 42 હજારના શંકાસ્પદ લોખંડ સાથે મોહમદકામીલને ઝડપી પાડ્યો



• ભરૂચ,

ભરૂચ એસ.ઓ.જી. (SOG) પોલીસની ટીમે અંકલેશ્વરના અંસાર માર્કેટ વિસ્તારમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાં ઓચિંતો દરોડો પાડી, શંકાસ્પદ રીતે રાખવામાં આવેલા લોખંડના નવા નટ-બોલ્ટ અને પ્લેટોના મસમોટા જથ્થા સાથે એક ઇસમને ઝડપી પાડ્યો છે. ચોરી અથવા છળકપટથી મેળવેલો અંદાજે 42,250ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાતમીના આધારે એસ.ઓ.જી. ની ટીમે અંસાર માર્કેટ સામે આવેલ સુપર માર્કેટમાં 'સુપર એન્ટરપ્રાઈઝ' નામના ભંગારના ગોડાઉનમાં તપાસ હાથ ધરી હતી. ગોડાઉ નમાં તપાસ કરતા નવા નકોર 751 કિલો ન ટ -બોલ્ટ અને 94 કિલો લોખંડની પ્લેટો (ક્લેમ્પ) મળી કુલ 845 કિલો શંકાસ્પદ લોખંડનો જથ્થો મળી આવ્યો હતો. સ્થળ પર હાજર શ ખ્સ મોહમદકામીલ તૌફીક ખાન (રહે. પિરામણ, અંકલેશ્વર) આ જથ્થા અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. પોલીસ ને પ્રાથમિક દ્રષ્ટિએ આ મુદ્દામાલ ચોરીનો હોવાની આશંકા જણાતા BNSS ની જોગવાઈઓ હેઠળ 42,250નો મુદ્દામાલ કબજે કરી આરોપીની અટકાયત કરી છે. આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેની પાછળ કઈ ટોળકી સક્રિય છે તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

# વાપીમાં કન્ટેનરના ગુપ્ત ચોરખાનામાંથી ૫.૫૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, કુલ ૧૦.૫૫ લાખના મુદ્દામાલ સાથે સુરતનો ચાલક જેલહવાલે



• વાપી,

વાપી ટાઉન પોલીસે બાતમીના આધારે એક ટાટા કન્ટેનરમાંથી મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસની નજરમાંથી બચવા માટે બુટલેગરોએ કન્ટેનરની કે બિન પાછળ ખાસ 'ચોરખાનું' બ નાવ્યું હતું, જેની તલાશી લેતા પો લી સ ને ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂ અને બિયરની નાની-મોટી કુલ ૨૧૪૮ બાટલીઓ (કિંમત ૫,૫૪,૪૦૦/-) મળી આવી હતીપોલીસે કન્ટેનર ચાલક રીંકુ શીવરામ કુસ્વાહ (રહે. સાયણ, સુરત) ની ધરપકડ કરી ૫ લાખની કિંમતનું કન્ટેનર અને મોબાઈલ સહિત કુલ ૧૦,૫૫,૪૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રા થ મિ ક પૂછપરછમાં આ દારૂનો જથ્થો સુરતના કોસંબા ખા તે રહેતા વિપુલ નામના શખ્સે મંગાવ્યો હોવાનું બહાર આવ તા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. વાપી ટાઉન પો લી સે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આંતરરાજ્ય દારૂની હેરાફેરીના આ નેટવર્કના છેડા ક્યાં સુધી જોડાયેલા છે તે દિશામાં તપાસ તેજ કરી છે.

## તંત્રની બેદરકારી અને ફાટકની ટેક્નિકલ ખામીમાં જનતા પીસાઈ

# વાગરા-પહાજ માર્ગ પર અડધો કલાક ટ્રાફિક ઠપ્પ, વાહનોની લાંબી કતારો



• વાગરા,

વા ગરા-પહાજ માર્ગ પર આવેલી રેલવે ફાટક નંબર ૨૩ પર ટેક્નિકલ ખામી સર્જાતા આજે વાહનચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ફાટક અચાનક બંધ થઈ ગયા બાદ અડધા કલાકથી વધુ સમય સુધી ન ખૂલતા GEB ચોકડીથી સાંચણ કેનાલ સુધી વાહનોના થપ્પા લાગી ગયા હતા. આ ટ્રાફિક જામમાં એમ્બ્યુલન્સ, વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ ફસાતા લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. ગરમી અને વિલંબના કારણે વાહનચાલકો અને ફાટકમેન વચ્ચે શાબ્દિક ઘર્ષણના દ્રશ્યો પણ સર્જાયા હતા.

આશ્ચર્યજનક વાત એ છે કે, મેન્ટેનન્સ ટીમના જણાવ્યા મુજબ આ ખા મી ગઈકાલ સાંજથી જ હતી, છતાં સમયસર રિપેરિંગ ન કરાતા તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. ટ્રાફિકમાં ફસાયેલા લોકોએ સવાલ ઉઠાવ્યો હતો કે જો ખામી પહેલેથી જ હતી તો તંત્રએ પીક અવર્સ પહેલા તેનું નિરાકરણ કેમ ન લાવ્યું? અંતે રેલગાડી પસાર થયા બાદ ફાટક ખોલવામાં આવતા ટ્રાફિક હળવો થયો હતો, પરંતુ આ ઘટનાએ રેલવે તંત્રની જાળવણીની પોલ ખોલી નાખી છે.

# અંકલેશ્વરમાં LCB એ વિદેશી દારૂની 60 બોટલ સાથે બીલીમોરાના બે શખ્સોને ઝડપી પાડ્યા

• અંકલેશ્વર,




ભરૂચ એલ.સી.બી. (LCB) એ અંકલેશ્વરના સરગમ કોમ્પ્લેક્સ નજીક ઓચિંતો દરોડો પાડી વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલા બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. ONGC બ્રિજ પાસેથી પસાર થતી બાઈકને આંતરી પોલીસે વિદેશી દારૂ, મોબાઈલ અને વાહન મળી કુલ 50,000નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે બાઈક પર દારૂનો જથ્થો લઈ બે ઈસમો પસાર થવાના છે. પોલીસે તુરંત વોચ ગોઠવી શંકાસ્પદ બાઈકને અટકાવી તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની 60 બોટલો મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી બીલીમોરાના ક્રિસ કલ્પેશ પટેલ અને મેહુલ મોહન ચૌહાણને દબોચી લીધા હતા. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આ દારૂનો જથ્થો રેખાબેન પટેલે મોકલાવ્યો હતો અને લક્ષ્મીબેન વસાવાએ મંગાવ્યો હતો. પોલીસે આ બંને મહિલાઓને વોન્ટેડ જાહેર કરી છે. આ મામલે ગુનો નોંધી દારૂના આ નેટવર્કના છેડા ક્યાં સુધી જોડાયેલા છે તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.

# રાણપુરમાં હિંમતરામબાપુની 21મી તિથિ ઉજવાઈ

• વિપુલ લુહાર,રાણપુર



બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ભાદર નદીના કાંઠે આવેલા બાલાજી મંદિરે સ્વર્ગસ્થ પૂજ્ય હિંમતરામબાપુની 21મી તિથિ નિમિત્તે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બાલાજી મંદિરના મહંત યોગેશબાપુ અને સેવક સમુદાય દ્વારા સંતોના ભવ્ય સામૈયા કરવામાં આવ્યા હતા. આ ભંડારામાં મોટી સંખ્યામાં સાધુ-સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ધર્મસભાનું પણ આયોજન કરાયું હતું, જેમાં પરમ પૂજ્ય આત્માનંદ સરસ્વતીજી મહારાજ ખાસ પધાર્યા હતા. તેમણે દેશહિત માટે પ્રવચન આપ્યું હતું.તમામ ઉપસ્થિત સાધુ-સંતોને બાલાજી મંદિર દ્વારા ભેટ-પૂજા અર્પણ કરવામાં આવી હતી. હિંમતરામબાપુની 21મી તિથિની આ ઉજવણીને સફળ બનાવવા માટે મહંત યોગેશબાપુ અને સેવક સમુદાયે ભારે જહેમત ઉઠાવી હતી.


**સોના-ચાંદીના** વાયદાઓમાં રૂ.72302 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 43784 પોઇન્ટના સ્તરે

# સોનાના વાયદામાં રૂ.437 અને ચાંદીના વાયદામાં રૂ.6912ની વૃદ્ધિ: ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યા

## કોમોડિટી વાયદાઓમાં રૂ.82193 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.178147 કરોડનું ટર્નઓવર

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.260360.05 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.82193.84 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.178147.99 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો 43784 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.4185.07 કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.72302.90 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.158889ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159226 અને નીચામાં રૂ.155248ના મથાળે અથડાઈ, રૂ.156341ના આગલા બંધ સામે રૂ.437 વધી રૂ.156778 થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.1480 વધી રૂ.131448 થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.245 વધી રૂ.16492ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.780 વધી રૂ.157313 થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.159887ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.160000 અને નીચામાં રૂ.156322ના મથાળે અથડાઈ, રૂ.156818ના આગલા બંધ સામે રૂ.1332 વધી રૂ.158150ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.333333ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.339927 અને નીચામાં રૂ.327502ના મથાળે અથડાઈ, રૂ.327289ના આગલા બંધ સામે રૂ.6912 વધી રૂ.334201ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.6649 વધી રૂ.339042ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.6789 વધી રૂ.339265ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.4420.48 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.8.5 વધી રૂ.1281.55ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.1.35 વધી રૂ.313.3ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.1.1 વધી રૂ.316.3ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો 65 પૈસા વધી રૂ.190.8 થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.5451.05 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3989ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.3989 અને નીચામાં રૂ.3912ના સ્તરને સ્પર્શી, રૂ.58 ઘટી રૂ.3933 થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.5495ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5574 અને નીચામાં રૂ.5482ના મથાળે અથડાઈ, રૂ.5440ના આગલા બંધ સામે રૂ.129 વધી રૂ.5569ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.126 વધી રૂ.5568 થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.6.7 ઘટી રૂ.456.6ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.8.5 ઘટી રૂ.456.8 થયો હતો

### લોખંડના ગડર સાથે ટકર એક ઘવાયો સારવાર માટે વડોદરા ખસેડાયો

# તીર્થધામ ચાણોદ ખાતે તંત્ર દ્વારા લગાવવામાં આવેલ લોખંડના એંગલ જોખમી બન્યું

**ટકરાતા વચ્ચેથી બેન્ડ વળી ગયેલ હોય જોખમી** ચાણોદ ખાતે બસ લાવવામાં લેખિત મૌખિક રજૂઆતો પછી પણ આજ સુધી તંત્ર દ્વારા રજૂઆત

• ડભોઈ

છેલ્લા કેટલાક દિવસથી કોઈ વાહન સાથે ટકરાતા વચ્ચેથી બેન્ડ વળી ગયેલ હોય જોખમી હાલતમાં હોવા છતાં રિપેર કરાવવા આંખ આડા કાન લોખંડના ગડર સાથે ટકર એક ઘવાયો સારવાર માટે વડોદરા ખસેડાયો

ચાણોદ ખાતે બસ લાવવામાં લેખિત મૌખિક રજૂઆતો પછી પણ આજ સુધી તંત્ર દ્વારા રજૂઆતને ધ્યાને લીધેલ ન હોય તેમ જણાય છે ચાણોક ખાતે બસ વાયા જુના માંડવા થઈ હજુ શરૂ કરાવી નથી

ડભોઈ તાલુકાના તીર્થધામ ચાણોદ ખાતે તંત્ર દ્વારા ગંભીરા બ્રિજની ઘટના બાદ બીએન હાઈસ્કુલ પાસેનું ગરનાડુ




જર્જરી જાહેર કરાતાં તંત્ર દ્વારા મોટા વાહનો માટે મોટા વાહનો માટે પ્રવેશ બંધી નાળા પરથી ફરમાવેલ તેમ છતાં મોટા વાહનો ટ્રકો લક્ઝરી પસાર થતી હોય જે અનુલક્ષીને ચાણોદ ગ્રામ પંચાયત પાસે લોખંડનો આડો ગડર લગાવેલ હોય સાથે મોટા વાહનો વાયા જુના માંડવા થઈ ચાણોદ આવા જવા જણાવેલ હોય. ઉપરોક્ત લગાવેલ ગડર નીચેથી કેટલાક મોટા વાહનો લઈ જવા પસાર કરતાં ઉપરોક્ત ગટર છેલ્લાં કેટલાક દિવસથી મધ્યેથી ગડરમાં નુકસાન થતાં બેન્ડ વળી ગયેલ હોય એ રાહદારી માટે જોખમી હોય તેમ છતાં ગડરનું મારામતી કામ નહીં થતાં ગડર આજુબાજુથી ઊંચો તેમજ મધ્યથી બેન્ડ વળી ગયેલ હોય ગતરોજ પીકપ વન પસાર થતાં ચાણોદના કોર્ટ ફળિયા વિસ્તાર માં રહેતા અરવિંદભાઈ વસાવા ને માથાના ભાગે લોખંડનો ગડર ટકરાતા તેઓને ચાણોદ અને વધુ સારવાર માટે વડોદરા પીપરીયા લઈ જવામાં આવ્યા હોવાનું જાણવામાં આવ્યું છે. ત્યારે એક બાજુ છેલ્લાં કેટલાક મહિનાથી ચાણોદ ખાતે બસ સ્ટેન્ડ પર બસ વાયા જુના માંડવા થઈ લાવવા લોકમાંગ ઉઠી ઉઠવા પામી છે લેખિત રજૂઆત પણ તંત્ર દ્વારા ધ્યાને લેવામાં આવી નથી. લોકો હાર્ડ મારી ભોગી રહ્યાં છે ત્યારે બીજી બાજુ મોટા વાહન પ્રવેશબંધી માટે લગાવેલ લોખંડનો આળસ ગડર પણ રાહદારીઓ માટે સલામતીની જગ્યાએ જોખમી સાબિત થઈ રહ્યો છે ત્યારે એક બાજુ એ લોકોની ધીરજ ખૂટી રહી છે ત્યારે તંત્ર દ્વારા ચાણોદની પેચી બનેલી સમસ્યા નો સત્વરે ઉકેલ લાવો જરૂરી છે .

અત્રે ઉલ્લેખની છે કે ગડર લગાવેલા હંગામી જગ્યા બસ સ્ટેન્ડ ખાતે એસટી બસ વાળવાની ઘણી તકલીફ પડી રહી હોય આજુબાજુ લોખંડના થાંભલા વીજપોલ હોય ત્યારે આ બાબતે પણ તંત્ર દ્વારા ધ્યાન રાખી સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે

# ૨૪ કલાકમાં ત્રણ પોલીસકર્મીઓના આપઘાતથી સુરક્ષા તંત્રના માનસિક સ્વાસ્થ્ય સામે ગંભીર સવાલો

ગુજરાત પોલીસબેડામાં ખળભળાટ



દિગ્વિજયસિંહ ગોહિલ
હેડ કોન્સ્ટેબલ,



પ્રીતિ પરમાર
કોન્સ્ટેબલ, ભરૂચ



ઉપેન્દ્રસિંહ વાઘેલા
હેડ કોન્સ્ટેબલ, ગાંધીનગર

• ગાંધીનગર/ભરૂચ/ભાવનગર,

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ પોલીસકર્મીઓએ આત્મહત્યા કરી લેતા સમગ્ર પોલીસબેડામાં શોક સાથે ચકચાર મચી ગઈ છે. ભાવનગર અને ભરૂચ બાદ ગતરોજ ગાંધીનગરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ વાઘેલાએ પેથાપુર ખાતેના નિવાસસ્થાને સંતાનોને સ્કૂલે મૂકી આવ્યા બાદ ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી. પ્રાથમિક તપાસમાં કૌટુંબિક કલેશ કારણભૂત હોવાનું મનાય છે, પરંતુ કોઈ સુસાઈડ નોટ ન મળતા રહસ્ય અકબંધ છે.

આ અગાઉ, ૨૨ જાન્યુઆરીએ ભાવનગરના ઘોઘા પોલીસ સ્ટેશન ના હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલે માનસિક અસ્વસ્થતાના કારણે ચાલુ ફરજે કારમાં ઝેરી દવા પીને આત્મહત્યા કરી હતી. તો બીજી તરફ, ભરૂચમાં LIB શાખામાં ફરજ બજાવતા ૨૭ વર્ષીય મહિલા કોન્સ્ટેબલ પ્રીતિ પરમારે હેડક્વાર્ટરના રૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. ૨૪ કલાકમાં બનેલી આ ત્રણ કરુણ ઘટનાઓએ પોલીસકર્મીઓ પર વધી રહેલું કામનું ભારણ, માનસિક તણાવ અને અંગત સમસ્યાઓના ઉકેલ માટે વિભાગમાં મજબૂત કાઉન્સેલિંગ સિસ્ટમની જરૂરિયાત પર ગંભીર પ્રશ્નાર્થો ઊભા કર્યા છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા તમામ કેસોમાં ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

# વાલિયામાં ઈક્કો કારના ગુપ્ત 'ચોરખાના'માંથી વિદેશી દારૂની ૧૧૨૪ બોટલ ઝડપાઈ, ૪.૫૨ લાખના મુદ્દામાલ સાથે એક જેલહવાલે

• વાલિયા,

ભરૂચ જિલ્લાની વાલિયા પોલીસે બાતમીના આધારે ડહેલી ગામના બ્રિજ પાસે ફિલ્મી ઢબે વોચ ગોઠવી એક ઈક્કો કારને આંતરી હતી, જેમાંથી મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો મળી આવતા ચકચાર મચી ગઈ છે. સફેદ કલરની ઈક્કો કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે બુટલેગરોએ પોલીસની નજરથી બચવા માટે કારમાં ખાસ ગુપ્ત 'ચોરખાના' બનાવ્યા હતા. આ ખાનાઓમાંથી પોલીસે વિદેશી દારૂની નાની-મોટી કુલ ૧૧૨૪ બોટલો (કિંમત ૨.૫૨ લાખ) જપ્ત કરી છે.

વાલિયા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. આર.સી. વસાવાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલા આ ઓપરેશનમાં પોલીસે ૨ લાખની કિંમતની કાર અને દારૂ મળી કુલ ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સ્થળ પરથી



સાગબારાના નેવડી આંબા ગામના રહેવાસી જાવલા શંકરભાઈ વસાવાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે આ માલ મોકલનાર કે મંગાવનાર સુનિલ નામના શખ્સને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# વૃદ્ધ માતા-પુત્રની સાબરમતીમાં મોતની છલાંગ : રિવરફ્રન્ટ વલ્લભ સદન પાસેથી બંનેની લાશ મળી

• અમદાવાદ

અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ વલ્લભ સદન બોટિંગ વિસ્તાર પાસેથી વૃદ્ધ માતા અને દીકરાની લાશ મળી આવી છે. માતા દીકરાએ સાબરમતી નદીમાં છલાંગ લગાવી આપઘાત કર્યો હતો. બનાવની જાણ થતા રિવરફ્રન્ટ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં દીકરો માનસિક હોવાથી માતા દીકરાએ આપઘાત કર્યો હોવાની શક્યતા છે. બંનેના મૃતદેહ પીએમ માટે મોકલી આપવામાં આવ્યા છે. શહેરના મણિનગરમાં રહેતા પ્રવિણાબેન પંડ્યાએ(ઉ.વ.74) તેના દીકરા જગદીશ(ઉ.વ.48) સાથે સાબરમતી નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો છે. પ્રવિણાબેન પંડ્યા અને જગદીશ બપોરના સમયે સાબરમતી વોલ્ક વે પરથી કૂદ્યા હતા. બંને કૂદ્યા બાદ બોડી નદીમાં તરતી હતી, જેથી સિક્યુરિટી ગાર્ડને દેખાતા ગાર્ડ તાત્કાલિક રિવર રેસ્ક્યુ ટીમ અને પોલીસને જાણ કરી હતી.ફાયરનું રિવર રેસ્ક્યુ ટીમ અને પોલીસ સ્થળ પર પહોચી હતી. જોકે બંનેના મૃતદેહ જ નદીમાં ઉપર દેખાઈ રહ્યા હતા, જેથી ફાયરની રિવર રેસ્ક્યુ ટીમે બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. બંને પાસેથી આધાર કાર્ડ અને અન્ય પુરાવા મળી આવ્યા છે, જેને કારણે પરિવારને સંપર્ક કરવામાં આવ્યો હતો. પરિવાર આવતા બંનેના મૃતદેહ ઓળખ કરી પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે.

### પોલીસે આ ઘટનાને હત્યા અને ત્યારબાદ આત્મહત્યાનો કેસ ગણાવ્યો છે

# શક્તિસિંહના ભત્રીજા યશરાજસિંહ સામે હત્યાનો ગુનો દાખલ, ફોરેન્સિક રિપોર્ટ બાદ ખુદ ACP બન્યા ફરિયાદી

• અમદાવાદ

અમદાવાદમાં મંગળવારે મોડી રાત્રે બોડકદેવ સ્થિત એનઆરઆઈ ટાવરમાં શક્તિસિંહ ગોહિલના ભત્રીજા યશરાજસિંહે તેની પત્નીને ભૂલથી ગોળી મારી દઈને પોતે પણ આત્મહત્યા કરી લીધી હોવાની ઘટના સામે આવી હતી. હવે આ મામલે ફોરેન્સિક રિપોર્ટ અને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે લાઈસન્સ પ્રાપ્ત બંદૂક દ્વારા યશરાજ સિંહે જ તેની પત્નીને ગોળી મારી હતી અને પછી પોતે આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે આ ઘટનાને હત્યા અને ત્યારબાદ આત્મહત્યાનો કેસ ગણાવ્યો છે.

આ ઘટના 21 જાન્યુઆરીના રોજ રાત્રે 10:30થી 22 જાન્યુઆરીના રોજ રાત્રે 12:12વાગ્યાની વચ્ચે બોડકદેવના પારિજાત બંગલા પાસે NRI ટાવરના એક ફ્લેટમાં બની હતી. મૃતકોની ઓળખ રાજેશ્વરીબા ગોહિલ (30) અને તેમના પતિ યશરાજસિંહ ગોહિલ (35) તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે, આ દંપતીના લગ્નને માંડ બે મહિના થયા હતા.

પ્રાથમિક તપાસ બાદ ખુલાસો થયો છે કે યશરાજસિંહએ કથિત રીતે તેમના બેડરૂમમાં પોતાની લાઈસન્સવાળી રિવોલ્વરથી પત્નીના માથાના પાછળના ભાગમાં ગોળી મારી હતી. ગોળીબાર પછી 108 ઈમરજન્સી સર્વિસને ફોન કર્યો. જ્યારે એમ્બ્યુલન્સ સ્ટાફ પહોંચ્યો, ત્યારે રાજેશ્વરીબાને મૃત જાહેર કરવામાં આવી. થોડા સમય પછી, યશરાજસિંહે તે જ હથિયારથી માથામાં ગોળી મારી દીધી, જેના કારણે તેમનું મૃત્યુ થયું. ફોરેન્સિક તપાસ અને પોસ્ટ મોર્ટમ તેમજ ઘટનાની પ્રાથમિક તપાસ બાદ રમત રમતમાં રિવોલ્વરમાંથી ફાયર થવાની કોઈ શકયતા દેખાઈ ન આવતા કોઈ અગમ્ય કારણોસર પત્ની પર ફાયરિંગ કરી હત્યા નિપજાવ્યાનો અને બાદમાં પોતે પણ આત્મહત્યા કરી લીધી હોવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અસારવાની સિવિલ હૉસ્પિટલના ડૉક્ટરોની પેનલ દ્વારા બંને મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું, જેમાં બંદૂકની ગોળીથી માથાના ભાગે થયેલો ઘા અને વધારે પડતો રક્તસ્ત્રાવ કારણે મોત થયું હોવાની પુષ્ટિ થઈ હતી. બંદૂકની ટેકનિકલ તપાસ ટીમે આકસ્મિક ગોળી ચાલી જાય તે વાતને નકારી કાઢી હતી. તેમજ નોંધ્યું હતું કે રિવોલ્વરના ટ્રિગરને ગોળી ચલાવવા માટે ઈરાદાપૂર્વક દબાણની જરૂર પડે છે. એવું પણ જાણવા મળ્યું હતું કે હથિયારમાં ફક્ત બે રાઉન્ડ હતા, જેમાંથી એક રાઉન્ડમાં રાજેશ્વરીબા તો બીજા રાઉન્ડમાં યશરાજસિંહનું મોત થયું છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએએ જણાવ્યું હતું કે, ફોરેન્સિક પુરાવા, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને બંદૂકની ટેકનિકલ તપાસના આધારે, એ સ્પષ્ટ છે કે પતિએ ઈરાદાપૂર્વક તેની પત્નીને ગોળી મારી હતી અને ત્યારબાદ આત્મહત્યા કરી હતી. વસ્ત્રાપુર પોલીસે મૃતક પતિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ અને આર્મ એક્ટ 1959ની કલમ હેઠળ કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હસ્તે ૧૫ લાભાર્થીઓને ૫૦ હજાર સુધીની લોન સહાયના પત્રો એનાયત

## આમોદમાં શેરી ફેરિયાઓ બન્યા 'આત્મનિર્ભર'



• આમોદ,

આમોદ તાલુકા પંચાયત કચેરી ખાતે 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ' (PM SVANidhi) યોજના હેઠળ નાના ફેરિયાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય દેવ કિશોર સ્વામીના હસ્તે આમોદ શહેરના ૧૫ જેટલા શેરી ફેરિયાઓને ૧૦,૦૦૦ થી લઈને ૫૦,૦૦૦ સુધીની લોન સહાયના સેન્શન લેટર એનાયત કરવામાં આવ્યા હતા. આ આર્થિક બળ પૂરું પાડીને ગુજરાત શહેરી આજીવિકા મિશન હેઠળ શ્રમિકોને આત્મસન્માન સાથે રોજગારી માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરાયો છે. તિરુવનંતપુરમ ખાતે વડાપ્રધાનના રાષ્ટ્રીય કાર્યક્રમના અનુસંધાને આયોજિત આ સમારોહમાં લોન મેળવનાર લાભાર્થીઓ ઉપરાંત જેઓએ બીજા તબક્કાની લોન પૂર્ણ કરી છે, તેવા ફેરિયાઓને ક્રેડિટ કાર્ડ સુવિધા અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન અંગે વિશેષ માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમમાં આમોદ ભાજપ સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકા સભ્યો અને બેંક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આ યોજના નાના વેપારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે, જેનાથી તેઓ સાહુકારોના વ્યાજચક્રમાંથી મુક્ત થઈ પોતાનો વ્યવસાય વિકસાવી શકશે.

# વસ્તી ગણતરીમાં 1.20 લાખ શિક્ષકો જોડાશે:કોઈ તકલીફ ન પડે તે માટે સરકાર સમક્ષ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની રજૂઆત

• ગાંધીનગર

વસ્તી ગણતરીની કામગીરીને લઈને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા સરકારને મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી. આ મુદ્દે સંઘ દ્વારા વિવિધ બાબતો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. મહાસંઘના મહામંત્રી પરેશ પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રહિતની આ મહત્ત્વની કામગીરીમાં સંઘ સાથે જોડાયેલા અંદાજે 1 લાખ 20 હજાર શિક્ષકો જોડાશે. પરેશ પટેલે જણાવ્યું કે, વસ્તી ગણતરી તેમજ SIR જેવી કામગીરી દરમ્યાન શિક્ષકોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સંઘે સરકાર સમક્ષ સ્પષ્ટ રજૂઆત કરી છે. કામગીરી દરમિયાન શિક્ષકોને પડતી વ્યવહારિક મુશ્કેલીઓ અંગે સમીક્ષા કરવામાં આવી છે અને તેના ઉકેલ માટે સૂચનો આપવામાં આવ્યા છે.

બોઈંગની પ્રતિક્રિયા

## અમદાવાદ પ્લેન ક્રેશના પીડિતોને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે

# અમદાવાદ : પ્લેન ક્રેશના પીડિતોના ખાતામાં 1-1 કરોડ આવ્યા! એર ઈન્ડિયાને 1125 કરોડ મળ્યાનો રિપોર્ટ

## બોઈંગના પ્રવક્તાએ જણાવ્યું કે, 'અમે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના પ્રોટોકોલનું પાલન કરીએ છીએ

• અમદાવાદ

અમદાવાદ પ્લેન ક્રેશના પીડિતોને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિજનોના ખાતામાં 1-1 કરોડ રૂપિયા જેટલી રકમ આવ્યાની માહિતી સામે આવી છે. જેના પરથી એવો દાવો કરવામાં આવ્યો છે કે અમદાવાદ પ્લેન ક્રેશ પીડિતોને વળતર મળવાનું શરુ થઈ ગયું છે. જોકે આ મામલે જ્યારે ગુજરાત સમાચાર દ્વાર પીડિતોનો સંપર્ક સાધવામાં આવ્યો તો તેમણે રકમ આવ્યાની પુષ્ટિ કરી હતી પણ આ રકમ કોણે મોકલી છે તેના વિશે કોઈ ચોક્કસ માહિતી મળી શકી નહોતી. જ્યારે રિપોર્ટમાં એવો પણ દાવો કરાયો છે કે એર ઈન્ડિયાને પણ 1125 કરોડ રૂપિયા જેટલી રકમ મળી હોવાની ચર્ચા છે. સૂત્રોના રિપોર્ટના આધારે ગ્લોબલ રિઈન્શ્યોરર્સ અને ભારતીય જનરલ ઈન્શ્યોરન્સ કંપની દ્વારા અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં એર ઈન્ડિયાને થયેલા નુકસાનમાં અત્યાર સુધી 125 મિલિયન ડૉલર એટલે કે લભગલ 1125 કરોડ રૂપિયાની ચૂકવણી કરાઈ છે. આ રકમમાં વિમાનના માળખા અને એન્જિનમાં ક્ષતિથી થયેલા નુકસાન સામે વીમાના દાવા મુજબનું વળતર આપવામાં આવ્યું છે. આ સાથે જ દુર્ઘટનામાં મોતને ભેટેલા લોકોના પરિવારજનોને પણ 25 મિલિયન ડૉલર (225 કરોડ) રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે. જો કે, મુસાફરો સાથે જોડાયેલા દાવાઓની પ્રક્રિયા હજુ સુધી પૂર્ણ કરવામાં આવી નથી જેથી વળતરનો આંકડો હજુ વધુ હોઈ શકે છે.

ગુજરાતના અમદાવાદમાં 12 જૂન 2025ના રોજ થયેલી ભયાનક એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં કુલ 260 લોકોના મોત થયા હતા જેમાં 241 મુસાફરો તેમજ અન્ય ક્રૂ સભ્યો સામેલ હતા. રિપોર્ટના દાવા મુજબ ભારતીય રિઈન્શ્યોરર્સ (GIC Re) પહેલા જ દાવો કરી ચૂક્યું છે કે દુર્ઘટનામાં વીમાના દાવાનું કુલ રકમ 475 મિલિયન ડૉલર એટલે કે અંદાજિત 4,275 કરોડ રૂપિયા છે, જેમાંથી 350 મિલિયન ડૉલર મુસાફરો અને તૃતીય પક્ષના દાવાઓ સંબંધિત જવાબદારીઓ માટે હશે. નિષ્ણાતોના મતે, વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો અને તેમના પરિવારો બંને સામાન્ય રીતે વળતર મેળવવાના હકદાર હોય છે, ભલે પાઈલટની ભૂલ હોય. હકીકતમાં, જો જાળવણી સ્ટાફ અથવા ટેકનિશિયનની બેદરકારી સ્થાપિત થાય



તો વળતરની રકમ સંભવિત રીતે વધી શકે છે.

બીજી તરફ ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી (FAS) એ 12 જાન્યુઆરી, 2026ના રોજ અમેરિકન સંસદમાં એક રિપોર્ટ જમા કરાવ્યો છે. અહેવાલ મુજબ, FASએ પોતાની તપાસમાં શોધી કાઢ્યું કે એર ઈન્ડિયાનો હિસ્સો બન્યા બાદથી જ આ વિમાનમાં સતત ટેકનિકલ ખામીઓ આવી રહી હતી. FASનો દાવો છે કે વિમાનમાં એન્જિનિયરિંગ, ગુણવત્તા અને જાળવણીમાં નોંધપાત્ર ખામીઓ હતી. રિપોર્ટમાં ઈલેક્ટ્રોનિક, સોફ્ટવેર, વારંવાર સર્કિટ બ્રેકર્સનું ટ્રીપ થવું, ખરાબ વાયરિંગ, શોર્ટ સર્કિટ, વીજળી પુરવઠામાં ઘટાડો અને પાવર સિસ્ટમ ગરમ થવા જેવી અનેક સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. FASએ પોતાના રિપોર્ટમાં એવો પણ દાવો કર્યો છે કે બોઈંગ 787 પ્રોગ્રામ તેના નિર્ધારિત સમય કરતાં 3 વર્ષ પાછળ ચાલી રહ્યો છે અને તેનું બજેટ અબજો ડૉલર વધી ગયું છે. રિપોર્ટ મુજબ, 2000થી વધુ બોઈંગ 787 વિમાનોમાં સિસ્ટમ ફેલિયરની ઘટનાઓ બની ચૂકી છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાન વિશે માહિતી આપતાં રિપોર્ટમાં કહેવાયું છે કે આ વિમાન 2011માં બનીને તૈયાર થયું હતું અને 28 જાન્યુઆરી, 2014ના રોજ તેને એર ઈન્ડિયાને સોંપવામાં આવ્યું હતું. FASના આ ગંભીર દાવાઓ પર બોઈંગે પ્રતિક્રિયા આપી છે. બોઈંગના પ્રવક્તાએ જણાવ્યું કે, 'અમે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના પ્રોટોકોલનું પાલન કરીએ છીએ. ભારતમાં થયેલી વિમાન દુર્ઘટનામાં AAIB (વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો)નો જે પણ નિર્ણય હશે, અમે તેનું પાલન કરીશું.' જોકે, એર ઈન્ડિયાએ આ સમગ્ર મામલે મૌન સેવ્યું છે. ઉલ્લેખનીય છે કે, AAIBએ પોતાના પ્રારંભિક રિપોર્ટમાં ફ્યુઅલ સ્વિચ બંધ થવાને કારણે પ્લેન ક્રેશ થયું હોવાના સંકેત આપ્યા હતા.

## મેમનગરમાં 70 વર્ષીય મહિલાને ડિજિટલ એરેસ્ટ કરી 24 લાખ પડાવ્યાં

# ચાઈલ્ડ પોનોગ્રાફી અને ગેમ્બલિંગના કેસમાં આધારકાર્ડ, મોબાઈલ નંબરનો ઉપયોગ થયો હોવાનું કહી રૂમમાં બંધ કર્યા

મુંબઈ પોલીસના નામે ઠગોએ વૃદ્ધાને ફોન કર્યો

## વૃદ્ધના પતિ અને દીકરાનું અગાઉ કોરોનાની બીમારીના કારણે અવસાન થયું હતું

• અમદાવાદ

અમદાવાદ શહેરના મેમનગરમાં રહેતા 70 વર્ષના વૃદ્ધ મહિલાને સાઈબર ગઠિયાઓએ ચાઈલ્ડ પોનોગ્રાફી અને ગેમ્બલિંગમાં આધાર કાર્ડ અને મોબાઈલ નંબરનો ઉપયોગ થયો છે, કહીને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. ગઠિયાઓએ પોતે પોતાની ઓળખ સંચાર વિભાગના અધિકારી અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકેની ઓળખ આપીને મહિલાને ડરાવી તેમની પાસેથી 24 લાખ રૂપિયા પડાવ્યા હતા. જે બાદ મહિલા પાસેથી વધુ 40 લાખ રૂપિયાની માંગણી કરતા મહિલાએ ફોન કાપી નાખ્યો હતો અને દીકરાને જાણ કરી હતી. મહિલાએ આ અંગે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મેમનગરમાં 70 વર્ષીય વૃદ્ધ મહિલા એકલા રહે છે. વૃદ્ધના પતિ અને દીકરાનું અગાઉ કોરોનાની બીમારીના કારણે અવસાન થયું હતું, જ્યારે નાનો વૃદ્ધાથી અલગ રહેતો હતો. વૃદ્ધાને 4 જાન્યુઆરીએ એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને કોલ કરનાર વ્યક્તિએ પોતે સંચાર વિભાગમાંથી વિજય ખન્ના હોવાની ઓળખ આપી હતી. જે બાદ જણાવ્યું હતું કે તમારા બેંક એકાઉન્ટમાં દર મહિને 25 લાખ રૂપિયા વ્યાજ આવે છે. મુંબઈ પોલીસે વિજય ગોહિલ નામના આરોપીને એરેસ્ટ કર્યો છે. તેણે કેનેરા બેંક એકાઉન્ટમાં બે પરિવાર સાથે 24 કરોડનું કૌભાંડ કર્યું છે. જે અંગે હું કોલ ટ્રાન્સફર કરી તમારી વાત ગુનાની તપાસ કરાવનાર અરુણકુમાર સાથે




કરાવું છું.અરુણ કુમારે મહિલા સાથે વાત કરી હતી અને પોલીસ તરીકેની ઓળખ આપીને જણાવ્યું હતું કે તમારા આધારકાર્ડ પરથી તમારા નામથી એક નંબર રજિસ્ટર થયો છે, જેનો ઉપયોગ ચાઈલ્ડ પોનોગ્રાફી અને ગેમ્બલિંગનો ઉપયોગ થયો. જેથી અમારી CBIની સર્વેલમ સ્ટીમ સતત તમારા સંપર્કમાં રહેશે તો તમે સહયોગ આપજો.જે બાદ વૃદ્ધાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાંથી ઓળખ આપીને પ્રદીપ સાવન નામના વ્યક્તિએ વાત કરી હતી. જેમણે મહિલાને એફઆઈઆરની કોપી અને સુપ્રીમ કોર્ટનો એક લેટર વોટ્સએપ કરીને આપ્યો હતો. જે બાદ મહિલાને રૂમ બંધ કરી બેસીને વાત કરવાનું જણાવ્યું હતું અને મહિલાને કહ્યું હતું કે તમારી સામે પોનોગ્રાફીઓને ગંભીર ગુના છે, તેથી તમારી ધરપકડ કરવામાં આવી છે.વીડિયો કોલ ઉપર તમને હાજર રાખીને ઈન્વેસ્ટેશન કરીશું. તપાસ દરમિયાન તમારે તમારી પાસે રહેલા પૈસાનું ઈન્વેસ્ટિગેશન કરવાનું છે, કહીને વૃદ્ધાને એક બેંક એકાઉન્ટમાં 15 લાખ જમા કરવાનું કહ્યું હતું, જેથી વૃદ્ધા એફડી તોડાવીને 15 લાખ જમા કરાવી આવ્યા હતા. જેમાં વૃદ્ધા પાસેથી વધુ નાણા ભરવાનું કહેતા વૃદ્ધાએ બેંક લોકરમાં રહેલા સોનાના દાગીના ગીરવે મૂકીને 9 લાખ પણ ભર્યા હતા. 24 લાખ ભર્યા છતાં પીસીસી લેટર મેળવવો હોય તો બીજા 40 લાખ ભરવા પડશે તેવું જણાવતા વૃદ્ધાએ ફોન કાપી નાખ્યો અને તેમના દીકરાને જાણ કરી હતી. વૃદ્ધાનો દીકરો આવતા આ અંગે સાયબર ક્રાઈમને જાણ કરીને જાણ કરીને ફરિયાદ નોંધાવી છે.

# સુરેન્દ્રનગરની યુવતીને લગ્નની લાલચ આપી કૌટુંબિક ભાઈએ જ દુષ્કર્મ આચર્યું

## નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

• અમદાવાદ

અમદાવાદશહેરનાનવરંગપુરા વિસ્તારમાં પીજીમાં રહેતી યુવતી સાથે યુવતીના મામાના દીકરાએ જ લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચાર્યું હતું. યુવકે યુવતી સાથે દુષ્કર્મ આચર્યા બાદ રાજકોટમાં કોઈ અન્ય છોકરી સાથે સગાઈ કરી લીધી હતી. જે અંગે યુવતીને જાણ થતા યુવતીએ યુવક વિરુદ્ધ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.સુરેન્દ્રનગરમાં રહેતી 21 વર્ષની યુવતી અભ્યાસ માટે નવરંગપુરા વિસ્તારમાં કેટલાક સમયથી રહેતી હતી. યુવતી ગત વર્ષે જ્યારે ઘરે ગઈ હતી ત્યારે યુવતીના મમ્મીના માસીના દીકરાનો દીકરો જય યુવતીના ઘરે રહેતો હતો. યુવતી જ્યારે અમદાવાદ પરત આવી ત્યારે જયે યુવતીને ફોન કરવાનું શરૂ કર્યું હતું. યુવતી સાથે અવારનવાર વાતચીત કરીને જયે કહ્યું હતું કે હું તને પ્રેમ કરું છું અને




તારી સાથે જ લગ્ન કરીશ. જેથી યુવતી જયની વાતોમાં આવી ગઈ હતી. 11 ઓગસ્ટના રોજ યુવતીનો જન્મદિવસ હોવાથી તેને મળવા જય અમદાવાદ આવ્યો હતો.

ઓગસ્ટ,સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં જય અવારનવાર અમદાવાદ આવતો હતો. આ દરમિયાન જયે યુવતીને નવરંગપુરાની એક હોટલમાં લઈ જઈને લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધ બાંધ્યા હતા.થોડા સમયમાં યુવતી તેના ઘરે જતી રહી હતી.

યુવતી ઘરે ગઈ ત્યારે તેને જાણ થઈ હતી કે જયની રાજકોટમાં કોઈ છોકરી સાથે સગાઈ થઈ ગઈ છે. જેથી યુવતીએ જયને ફોન કર્યો ત્યારે જયે કહ્યું હતું કે આ વાત ભૂલી જા. આ અંગે યુવતીએ તેના મમ્મી પપ્પા અને મામાને વાતચીત કરી હતી. જે બાદ યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં જય વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી છે.

# ભરૂચમાં ઈક્કો ગાડીઓ ચોરતી પાલેજની 'ગેંગ' ઝડપાઈ

## 'સી' ડિવિઝન પોલીસે ૪ ગાડીઓ સહિત ૭ લાખનો મુદ્દામાલ રિકવર કરી ત્રણ પોલીસ સ્ટેશનના ગુના ઉકેલ્યા

• ભરૂચ,

ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને ઈક્કો ફોરવ્હીલ ગાડીઓની ચોરી કરતા બે રીઢા તસ્કરોને ઝડપી પાડી આંતર-જિલ્લા ચોરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસને બાતમી મળી હતી કે ભોલાવ મીરા ઓટો કન્સલ્ટમાંથી ચોરાયેલી ઈક્કો ગાડી લઈને બે ઈસમો એ.બી.સી. ચોકડીથી પસાર થવાના છે. પોલીસે તુરંત કાર્યવાહી કરી પાલેજની નવી નગરીમાં રહેતા ૨૦ વર્ષીય વસીમ ઈરફાનભાઈ મલીક અને રિયાઝખાન શકીલખાન પઠાણને દબોચી લીધા હતા.


પોલીસની સઘન પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓએ ભોલાવ ઉપરાંત નબીપુર ચોકડી અને પાલેજ વિસ્તારમાંથી પણ અલગ-અલગ દિવસે ઈક્કો ગાડીઓની ચોરી કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૪ ઈક્કો ગાડીઓ (જેમાં એક છૂટી



પાડેલી હાલતમાં હતી) અને ચોરીમાં વપરાયેલ મોપેડ મળી કુલ ૭,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કામગીરીથી ભરૂચ શહેર 'સી' ડિવિઝન, નબીપુર અને પાલેજ પોલીસ સ્ટેશનના વાહન ચોરીના ગુનાઓ ડિટેક્ટ થયા છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી તેઓ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં તપાસ તેજ કરી છે.

# નેત્રંગની પુત્રવધૂ દિવ્યા પટેલે ભારતીય શેરબજાર પર સંશોધન કરી પીએચ.ડી.ની પદવી મેળવી નગરનું ગૌરવ વધાર્યું

• નેત્રંગ,



ભરૂચ જિલ્લાના નેત્રંગ નગરની પુત્રવધૂ દિવ્યા કુણાલકુમાર પટેલે શૈક્ષણિક ક્ષેત્રે સર્વોચ્ચ સિદ્ધિ હાંસલ કરતા ડોક્ટર ઓફ ફિલોસોફી (પીએચ.ડી.)ની પદવી પ્રાપ્ત કરી છે. સુરતની સાર્વજનિક યુનિવર્સિટી દ્વારા આયોજિત સંશોધન કાર્યમાં તેમણે 'ભારતીય શેર બજારમાં કેલેન્ડર એનમલીઝનો અભ્યાસ' વિષય પર પોતાનો મહાનિબંધ રજૂ કર્યો હતો. ડૉ. જીમી એમ. કાપડીયા અને ડૉ. પૂજા પટેલના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયેલા આ સંશોધન બદલ તેમને પદવી એનાયત કરવામાં આવી છે.

ડૉ. દિવ્યા પટેલ હાલમાં સુરતની વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીમાં સહાયક પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમની આ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ બદલ નેત્રંગ નગર અને સમગ્ર પટેલ સમાજમાં ગૌરવની લાગણી ફેલાઈ છે. શેરબજાર જેવા જટિલ વિષય પર તેમના ઊંડાણપૂર્વકના સંશોધનને શિક્ષણ જગત અને અર્થશાસ્ત્રના નિષ્ણાતોએ પણ બિરદાવ્યું છે. તેમની આ સફળતા બદલ સ્નેહીજનો અને પરિવાર તરફથી અભિનંદનનો ધોધ વરસી રહ્યો છે.

## વારીગૃહ પાસેના ચેકડેમનો ભાગ તૂટી ગયો હોવાથી સિંચાઈ માટે છોડાયેલું કિંમતી પાણી નકામું વહી જતાં ખેડૂતોમાં ભારે રોષ

# નેત્રંગના ખેડૂતો માટે કરજણ ડેમનાં નીર છૂટ્યા, પણ જર્જરિત ચેકડેમોને કારણે સિંચાઈનું પાણી બેફામ વહી જતાં તંત્રની બેદરકારી ખુલ્લી પડી

• નેત્રંગ,

નેત્રંગ તાલુકાના આદિવાસી ખેડૂતોને શિયાળુ પાક માટે સિંચાઈની સુવિધા મળી રહે તે હેતુથી ધારાસભ્ય રિતેશ વસાવાની રજૂઆત બાદ 'કરજણ-વાડી ઉદ્વહન યોજના' હેઠળ કરજણ ડેમનું પાણી ખાડી-કોતરોમાં છોડવામાં આવ્યું છે. કરોડોના ખર્ચે બનેલી આ યોજના ખેડૂતોને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. જોકે, બીજી તરફ સ્થાનિક વહીવટકર્તાઓની ઘોર બેદરકારી પણ સામે આવી છે. નેત્રંગ નગરમાંથી વહેતી અમરાવતી નદી પરના ચેકડેમો જર્જરિત હોવાથી પાણીનો સંગ્રહ થવાને બદલે તે



વ્યર્થ વહી રહ્યું છે.

ખાસ કરીને જૂના નેત્રંગમાં પંચાયત વારીગૃહ પાસેના ચેકડેમનો ભાગ તૂટી ગયો હોવાથી સિંચાઈ માટે છોડાયેલું કિંમતી પાણી નકામું વહી જતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયત અને સ્થાનિક સંસ્થાઓએ ચેકડેમના સમારકામ કે જળસંચય માટે કોઈ સક્રિયતા ન દાખવતા, સરકારની યોજનાનો પૂરેપૂરો લાભ છેવાડાના ખેડૂતો સુધી પહોંચી રહ્યો નથી. ઉનાળામાં પીવાના પાણીની સંભવિત કટોકટી ટાળવા અને ખેડૂતોના હિતમાં તંત્ર સત્વરે જાગીને ચેકડેમોનું સમારકામ કરાવે તેવી લોકમાગ પ્રબળ બની છે.

# લગ્નના 6 મહિનામાં જ પરિણીતા વૃદ્ધાશ્રમ પહોંચી:પરિવારમાં તકરાર થતા ઘર છોડ્યું

## 60 વર્ષના વડીલોને રાખવાના નિયમ વચ્ચે સંચાલકો મૂંઝાયા

• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકામાં આવેલા માનવ ઉત્કર્ષ વૃદ્ધાશ્રમમાં સામાન્ય રીતે 60 વર્ષથી વધુ ઉંમરના વડીલોને આશ્રય આપવામાં આવે છે. પરંતુ તાજેતરમાં એક 27 વર્ષીય મહિલા પોતાની આખી જિંદગી વિતાવવા માટે આશ્રય માંગવા પહોંચી જતાં વૃદ્ધાશ્રમના સંચાલકો પણ મુઝવણમાં મુકાઈ ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આજના આધુનિક યુગમાં પારિવારિક સંબંધોમાં આવતી કડવાશ અને યુવા પેઢીમાં ઘટતી જતી સહનશક્તિના અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. આવો જ એક કિસ્સો ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં બન્યો હતો. તાજેતરમાં કલોલ તાલુકામાં આવેલ માનવ ઉત્કર્ષ વૃદ્ધાશ્રમમાં એકાએક એક યુવાન મહિલા આશ્રય માટે પહોંચતા સંચાલકો મુઝવણમાં મુકાઈ ગયા હતા. સામાન્ય રીતે ઘરડા ઘરમાં 60 કે તેથી વધુ વયના વડીલોને આશ્રય આપવામાં આવતો હોય છે, એવામાં જુવાનજોધ પરણિતા આસું સારતી આંખે વૃદ્ધાશ્રમના દ્વારે આવીને આખી જિંદગી વિતાવવાની તૈયારી દર્શાવી રહી હતી. એટલે સંચાલકોએ તેની આપવીતી સાંભળી તો જાણવા મળ્યું કે, પીડિતાના લગ્ન માત્ર છ મહિના પહેલા જ થયા હતા. લગ્નના થોડા જ સમયમાં સાસુ સાથે અણબનાવ અને સતત થતા ઝઘડાઓથી કંટાળીને તે છેલ્લા બે મહિનાથી પોતાના પિયરમાં રહેવા ગઈ હતી. જોકે, પિયરમાં પણ પીડિતાને તેના પિતા સાથે ઘરકામ બાબતે ઝઘડો થતાં તેના પિતાએ તારે જ્યાં જવું હોય ત્યાં જતી રહે તેવું કહી દીધું હતું. આમ સાસરી અને પિયરમાંથી પણ જાકારો મળતા તેણે કંટાળીને ઘર છોડી દીધું હતું. આખરે મુઝવણમાં મુકાયેલા સંચાલકોએ 181 અભયમ મહિલા હેલ્પ લાઈનની મદદ માંગી હતી, જેના પગલે 181ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મહિલા કાઉન્સેલર દ્વારા પીડિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. બાદમાં તેના પિતા સાથે પણ ટેલિફોનિક વાતચીત કરી હતી. પિતાએ સ્વીકાર્યું હતું કે, ઘરકામ બાબતે બોલાચાલીમાં આવેશમાં આવીને તેઓ આવું બોલી ગયા હતા અને તેઓ પોતાની પુત્રીને ઘરે લઈ જવા તૈયાર હતા. બીજી તરફ અભયમની ટીમે પીડિતાને પણ જીવનના વ્યવહારુ પાસા સમજાવ્યા હતા. ટીમે તેને સમજાવ્યું કે, નાની વાતમાં ઘર છોડવું એ ઉકેલ નથી અને ઘરકામ જેવી જવાબદારીઓ પરિવારનો હિસ્સો હોય છે.

# 1500 થી વધુ કોન્ટ્રાક્ટ કર્મીઓને એક સાથે 1 ફેબ્રુઆરીએ છૂટા કરાશે

ગાંધીઅનગર : ગુજરાત રાજ્યના ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ હેઠળ વર્ષોથી કોન્ટ્રાક્ટ આધારિત સેવા આપતા કર્મચારીઓને મોટો ઝટકો લાગ્યો છે. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા 1500થી વધુ કર્મચારીઓને એક સાથે છૂટા કરવાનો નિર્ણય લેવાયો છે, જે 1 ફેબ્રુઆરીથી અમલમાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ કર્મચારીઓમાંથી મોટા ભાગના છેલ્લા 10 વર્ષથી કોન્ટ્રાક્ટ પર સતત સેવા આપી રહ્યા હતા. જેમાં VCE (વિલેજ કમ્પ્યુટર એન્ટ્રપ્રિન્યોર), ડિસ્ટ્રિક્ટ લેવલ એક્ઝિક્યુટિવ તેમજ તાલુકા લેવલ એક્ઝિક્યુટિવનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓ મારફતે ગ્રામ્ય વિસ્તારોમાં 15મા નાણાં પંચની કામગીરી, સરકારી યોજનાઓની ડિજિટલ એન્ટ્રી તથા ડિજિટલ ગુજરાત પોર્ટલ દ્વારા સરકારના વિવિધ લાભો ગ્રામજનો સુધી પહોંચાડવાનું મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવતું હતું.

**લોકાર્પણ** ગરીબ અને આદિવાસીઓનાં વિકાસ કામમાં વિરોધ પક્ષ રાજનીતિ ન કરે-પૂર્વ મંત્રી મુકેશ પટેલ

# સાંધીએર ગામે રૂ.૫.૧૦ કરોડનાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાપર્ણ સમારોહ

## રૂ.૧૫ લાખનાં ગામના કામો મળી કુલ રૂ.૩.૯૪ કરોડનાં નવા વિકાસ કામોનું ખાતમૂહૂર્ત કરતા સાંસદ મુકેશભાઈ દલાલ અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલની જોડી

• ઓલપાડ,તા.૨૪

ઓલપાડ તાલુકાનાં સાંધીએર ગામે સુરત સાંસદ મુકેશભાઈ દલાલ અને ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલની જોડીએ રૂ.૧.૧૬ કરોડનાં ખર્ચે નવનિર્મિત પ્રા.શાળા ભવનનું લોકાપર્ણ તથા રૂ.૨.૬૪ કરોડનાં ૬૬ સુડા આવાસ, રૂ.૧.૧૫ કરોડનાં ખર્ચે બનનાર સાંધીએરથી સિથાણ ગામને જોડતો પાકો ડામર રોડ તથા રૂ.૧૫ લાખનાં ગામના કામો મળી કુલ રૂ.૩.૯૪ કરોડનાં નવા વિકાસ કામોનું ખાતમુહૂર્ત મળી કુલ રૂ.૫.૧૦ કરોડનાં વિકાસ કામો ગ્રામજનોની સુવિધા માટે ભેટ આપી હતી.

આ પ્રસંગે સાંસદ મુકેશભાઈ દલાલે પૂર્વમંત્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલે તાલુકાની




કાયાપલટ માટે કરેલ વિકાસ કામોની સરાહના કરી કહ્યું હતું કે, દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈએ ડીઝીટલ અને એ. આઈ.નાં આધુનિક યુગમાં વિપક્ષોનાં હોબાળા વચ્ચે 'મનરેગા યોજના'ને બદલી ગરીબોને કામોની ગેરંટી સાથે વાર્ષિક ૧૨૫ દિવસની રોજગારી ઉપરાંત પારદર્શક વહીવટથી તેઓના બેંક ખાતામાં રકમ જમા થાય તેવી 'જી રામજી'યોજના અમલમાં મુકતા મજૂર વર્ગનાં લોકોને સરળતાથી જોબકાર્ડ મળશે. આ પ્રસંગે પૂર્વ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે વિપક્ષ ઉપર શાબ્દિક ચાપકા મારી કહ્યું કે, વિપક્ષનાં લોકોને 'જી રામજી'યોજના સામે વાંધો નથી, પણ તેઓને આ યોજના થકી 'જી રામજી' બોલવામાં વાંધો છે. એટલું જ નહીં પણ સ્થાનિક વિપક્ષનાં લોકો મારી સામે વિરોધ કરે તે હું સહન કરી લઈશ, પરંતુ મારા આદિવાસી, ગરીબ અને મજુર વર્ગનાં લોકોનાં બની રહેલ પ્રધાનમંત્રી આવાસ સહિત ગામના વિકાસ કામોમાં

ક્યારેય રાજનીતિ ન કરે તેવી હું વિનંતી કરૂં છું, નહીંતર જે લોકો આવી રાજનીતિ કરી રહ્યા છે, તેને કુદરત ક્યારેય માફ નહીં કરે. તેમણે વધુ કહ્યું કે,

પ્રા.શા.નાં અભ્યાસ કરતા બાળકોની ખૂટતી શિક્ષણ વ્યવસ્થા માટે જે કોઈ સુવિધા જોઈએ તે હું આપીશ, પણ સાથે બાળકો, વાલીઓ અને ગુરૂજનોએ પણ શિક્ષણ પ્રત્યે જાગૃત રહેવા અનુરોધ કરૂં છું. તેમણે વધુ જણાવ્યું કે, સનેઃ ૨૦૧૨ થી આજદિન સુધીમાં મેં સાંધીએર ગ્રામજનોને રૂ.૨૦ કરોડથી વધુ વિકાસ કામોની ભેટ આપી છે અને નજીકનાં દિવસો માં રૂ.૭૦ લાખનાં ખર્ચે સેનાખાડી ઉપર પ્રોટેકશન વોલ તથા બે ગામને જોડતો એક રસ્તા માટે સરકારમાંથી ગ્રાન્ટ મંજૂર કરાવવાની ખાત્રી આપું છું. આ પ્રસંગે ઓલપાડ બી. આર.સી.બ્રિજેશ પટેલે સ્વાગત પ્રવચન થકી આ શાળાનાં નવનિર્મિત ભવનમાં કુલ પાંચ ઓરડાઓ, ભૂલકાઓનાં રમત-ગમત માટે અલાયદો રૂમ, ટોયલેટ, ડીઝીટલ લેબ., મધ્યાહન ભોજન શેડ સહિતની વિવિધ સુવિધાથી ગ્રામજનોને માહિતગાર કર્યા હતા.

આ સમારોહમાં ઓલપાડ ભાજપ સંગઠન પ્રમુખ કુલદીપસિંહ ઠાકોરની ટીમ, સુ.જિ.પં.મજુર અને હળપતિ આવાસનાં ચેરમેન અશોક રાઠોડ, ગામના ૯૨ વર્ષીય વયોવૃદ્ધ નિવૃત્ત પ્રોફેસર અને

જનસંઘથી ભાજપ નાં સક્રિય મોભી જયવંતભાઈ ટેલર, સાંધીએર દૂધ મંડળીનાં પ્રમુખ બાલુભાઈ પટેલ, સેવા સહકારી મંડળીનાં પ્રમુખ વિરલ પટેલ સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો તથા તાલુકાનાં અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### અલ્પેશ ઠાકોર 2017માં કોંગ્રેસમાંથી રાજકારણમાં પ્રવેશ્યા હતા

# 27મીએ રામકથા મેદાનમાં અલ્પેશ ઠાકોરનું શક્તિપ્રદર્શન, પરોઢીયે 'અભ્યુદય મહાસંમેલન', તડામાર તૈયારીઓ

**સામાજિક-રાજકીય વર્તુળોમાં ભારે કુતૂહલ** રામકથા મેદાનમાં યોજાનારા આ કાર્યક્રમને લઈને પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા પણ વ્યવસ્થાઓ પર નજર રાખવામાં આવી

• ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અને ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોર પાટનગરમાં મોટું શક્તિ પ્રદર્શન કરવા જઈ રહ્યા છે. આગામી 27મી જાન્યુઆરીના રોજ વહેલી સવારે ગાંધીનગરના રામકથા મેદાન ખાતે 'અભ્યુદય' નામે એક વિશાળ સામાજિક સંમેલનનુંઆયોજન કરવામાંઆવ્યું છે. આ સંમેલન વહેલી સવારે 3 વાગ્યે યોજાનાર હોવાથી સામાજિક અને રાજકીય વર્તુળોમાં ભારે કુતૂહલ અને ચર્ચાઓ જાગી છે. જેની હાલમાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ગાંધીનગરના રામકથા



મેદાન ખાતે આગામી 27મી જાન્યુઆરીના રોજ 'અભ્યુદય' નામે એક વિશાળ સામાજિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ઠાકોર સેનાની પ્રવૃત્તિઓ મધ્યમ ગતિએ ચાલી રહી હતી, પરંતુ હવે તેને ફરી એકવાર આક્રમક રીતે સક્રિય કરવા માટે તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. થોડા વખત અગાઉ ગાંધીનગર ખાતે યોજાયેલી એક બેઠકમાં રાજ્યભરમાંથી 500થી વધુ હોદ્દેદારો અને 1000થી વધુ સ્વયંસેવકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં આગામી એક વર્ષનો રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં સામાજિક સુધારણા, વ્યસનમુક્તિ અને રાજકીય પ્રતિનિધિત્વ પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે.

ગુજરાતની રાજનીતિમાં ઠાકોર સમાજ એક નિર્ણાયક વોટ બેન્ક ગણાય છે. અગાઉ અનામત, વ્યસનમુક્તિ અને શિક્ષણ જેવા મુદ્દે આંદોલનો કરીને અલ્પેશ ઠાકોરે રાજકીય સમીકરણો બદલ્યા હતા. હવે જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક છે, ત્યારે આ મહાસંમેલન યોજીને તેઓ ફરી એકવાર પોતાની સક્રિયતા સાબિત કરવાનો પ્રયાસ કરવાના હોવાનું રાજકીય વર્તુળોમાં ગણગણાટ શરુ થયો છે.

નોંધનીય છે કે, અલ્પેશ ઠાકોર 2017માં કોંગ્રેસમાંથી રાજકારણમાં પ્રવેશ્યા હતા અને ત્યારબાદ 2019માં ભાજપમાં જોડાયા હતા. જોકે, ઠાકોર સમાજની એવી લાગણી છે કે સરકારમાં સમાજના નેતૃત્વને હજુ પણ વધુ યોગ્ય અને અસરકારક સ્થાન મળવું જોઈએ. આગામી 'અભ્યુદય' સંમેલન દ્વારા અલ્પેશ ઠાકોર સમાજની આર્થિક મજબૂતી અને રાજકીય હિસ્સેદારી વધારવા માટે હુંકાર કરી શકે છે.

રામકથા મેદાનમાં યોજાનારા આ કાર્યક્રમને લઈને પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા પણ વ્યવસ્થાઓ પર નજર રાખવામાં આવી રહી છે. 27મી જાન્યુઆરીની વહેલી સવાર અલ્પેશ ઠાકોર અને ઠાકોર સેના માટે ભવિષ્યની રાજકીય દિશા નક્કી કરનારી સાબિત થઈ શકે છે.

# બાલાપીર સર્કલ પાસે ભવાની ટ્રાવેલ્સમાં આવેલો દારૂનો જથ્થો કલોલ પહોચાડે તે પહેલાં જ પોલીસે ખેલ પાડ્યો

## ગાંધીનગર : પોલીસે 'Z' આકારે બેરિકેટિંગ કરી નાકાબંધી કરી

• ગાંધીનગર

ગાંધીનગર અડાલજ પોલીસે પૂર્વ બાતમીના આધારે બાલાપીર સર્કલ પાસે લક્ઝરી ટ્રાવેલ્સમાંથી ઉતારેલો દારૂનો જથ્થો રિક્ષામાં કલોલ પહોંચાડે તે પહેલા જ હાઈવે રોડ પર 'Z' આકારે બેરિકેટિંગ કરી અમદાવાદના બે ઈસમને દારૂ બિયરના જથ્થો મળીને કુલ 1.71 લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે ગાંધીનગરની અડાલજ પોલીસે બાતમીના આધારે ઓપરેશન પાર પાડીને સીએનજી રિક્ષામાં થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. અડાલજ પોલીસ મથકના પીઆઈ એલ. ડી.ઓડેદરાની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, એક સીએનજી રિક્ષા (નં. GJ-27-Y-7097)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને કલોલ તરફ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે અડાલજ-મહેસાણા પીકઅપ સ્ટેન્ડ પાસે હાઈવે રોડ પર 'Z' આકારે બેરિકેટિંગ કરી નાકાબંધી કરી હતી. ત્યારે રાત્રિના સમયે શંકાસ્પદ રિક્ષા



આવતા જ પોલીસે તેને ટોર્ચના ઈશારે રોકી હતી. બાદમાં રિક્ષાની પાછળની સીટ પર તપાસ કરતા પીળા કલરના પ્લાસ્ટિકના કવરથી વીંટાળેલી પેટીઓ મળી આવી હતી. જે ખોલીને જોતા અંદરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો. જેના પગલે પોલીસે રિક્ષાચાલક અજય સોમાભાઈ પટણ અને તેની સાથે બેઠેલા અલ્કેશ જયંતીભાઈ પટણી (બંને રહે. કઠવાડા, અમદાવાદ)ની ધરપકડ કરી પૂછતાછ હાથ ધરી હતી. પૂછપરછમાં સામે આવ્યું કે, આ દારૂનો જથ્થો અડાલજ બાલાપીર સર્કલ પાસે ભવાની નામની ટ્રાવેલ્સમાંથી ઉતાર્યો હતો. જે અમદાવાદના વોન્ટેડ બુટલેગર કેતનના કહેવાથી તેઓ કલોલ તરફ સપ્લાય કરવા જઈ રહ્યા હોવાની કબૂલાત કરી હતી. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી 61 હજાર 560નો દારૂનો જથ્થો, રિક્ષા, મોબાઈલ મળીને કુલ રૂ.1.71 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલેજમાં 'ઓપરેશન મ્યુલ હંટ' હેઠળ ૪૮ લાખના સાયબર ફ્રોડનો પર્દાફાશ

## ભાડે એકાઉન્ટ આપતી સાંસરોદની દંપતી જોડી ઝડપાઈ

• પાલેજ,


ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ અટકાવવા માટે શરૂ કરાયેલા 'ઓપરેશન મ્યુલ હંટ' અંતર્ગત પાલેજ પોલીસે ૪૮.૫૪ લાખના નાણાકીય છેતરપિંડીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવા માટે કમિશનની લાલચમાં પોતાના બેંક ખાતા ભાડે આપનારા સાંસરોદ ગામના દંપતી હિફઝલ મોહમંદ પોલા અને તેની પત્ની નોશીનાબાનુ શેખને પોલીસે દબોચી લીધા છે. આ ટોળકીએ ખોલાવેલા મ્યુલ એકાઉન્ટ્સમાં દિલ્હી, તેલંગાણા અને કર્ણાટક જેવા વિવિધ રાજ્યોની કુલ ૧૬ જેટલી સાયબર ફરિયાદોના છેડા મળ્યા છે.

તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ એચડીએફસી અને બંધન બેંકમાં ખાતા ખોલાવી સાયબર ગઠિયાઓને નાણાં ટ્રાન્સફર કરવામાં મદદ કરી હતી. આ કેસમાં અન્ય આરોપી અયાનખાન પઠાણ અને એક આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબરના ધારકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પકડાયેલી મહિલા આરોપી




અગાઉ વડોદરામાં પણ આઈટી એક્ટ હેઠળ ગુનામાં સંડોવાયેલી હોવાનું ખુલ્યું છે. પાલેજ પોલીસે બી.એન.એસ.ની કલમો હેઠળ ગુનો નોંધી, સાયબર ફ્રોડના આ આંતરરાજ્ય નેટવર્કના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

# 'દલદલ'માં પોલીસ ઓફિસર બની ભૂમિ પેડનેકર, ડીસીપી રીટા ફરેરાનો દમદાર રોલ



ભૂમિ સતીશ પેડનેકર પોતાની નવી વેબ સિરીઝ દલદલમાં પહેલી વાર પોલીસ ઓફિસરનો રોલ કરી રહી છે. આ સિરીઝમાં તે ડીસીપી રીટા ફરેરાના પાત્રમાં જોવા મળશે, જે શાંત પરંતુ કડક અધિકારી છે અને પોતાના કામને ખૂબ ગંભીરતાથી લે છે. ભૂમિ કહે છે કે તેને એવા પાત્રો પસંદ છે જે બિલકુલ પરફેક્ટ ન હોય, પરંતુ સાચા માણસ જેવા લાગે. તે પોતાના રોલને સરળ કે સુંદર બતાવવાનો પ્રયત્ન કરતી નથી, પરંતુ તેને જેમ છે તેમ જ રજૂ કરવા માંગે છે. રીટા ફરેરા એવી અધિકારી છે જે પુરુષપ્રધાન પોલીસ સિસ્ટમમાં કામ કરે છે. તે વધારે બોલતી નથી અને પોતાની લાગણીઓ પણ ઓછું વ્યક્ત કરે છે. ભૂમિ જણાવે છે કે રીટા શોરમચાવ્યા વગર, શાંતિથી પોતાની વાત મૂકે છે, અને આ જ વાત તેને અલગ બનાવે છે. ભૂમિનું કહેવું છે કે સમાજમાં મહિલાઓ પાસેથી હંમેશાં સારું અને યોગ્ય બનવાની અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ તે આ વિચારધારાને બદલવા માંગે છે. તેના મતે, જો કોઈ મહિલા ગૂંચવાયેલી હોય અથવા ખામીઓથી ભરપૂર હોય, તો તેમાં કંઈ ખોટું નથી. દલદલ એક સાઈકોલોજિકલ ક્રાઈમ થ્રિલર સિરીઝ છે, જેને અમૃત રાજ ગુપ્તાએ ડિરેક્ટ કરી છે અને અબન્ડન્શિયા એન્ટરટેઈનમેન્ટ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. તેમાં સમારા તિજોરી અને આદિત્ય રાવલ પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં છે.

### "કમિશન આપો, ટેન્ડર મેળવો", "ચંદા દો... ધંધા લો..."

# ભાજપાના મોડેલનું સત્ય ઉજાગર કરતું સૂરત જિલ્લાની પાણીની ટાંકીના કોન્ટ્રાક્ટર ભાજપાના અનેક પૈકીના એક ફંડ મેનેજર


ભાજપના ભ્રષ્ટાચારી રાજમાં ૨૧ કરોડના ખર્ચે નવનિર્મિત પાણીની ટાંકી પડીઃ કોન્ટ્રાક્ટર જયન્તી સુપર કન્સ્ટ્રક્શન દ્વારા વિવિધ બેંકોના ચેકથી ભાજપાને મોટા નાણાં ભેટ ધરાયાવારંવાર પુલ તુટવા, વારંવાર પેપર ફુટવા એ ભાજપના ભ્રષ્ટાચારના બેનમુન નમૂના છે. કોંગ્રેસના શાસનમાં ૬૦ વર્ષ પહેલા બનેલી પાણીની ટાંકીને તોડવા માટે જેસીબી કામે લગાવવુ પડ્યું, તેવુ મજબુત બાંધકામ જ્યારે ભાજપા શાસનમાં નવી બનેલી પાણીની ટાંકી ચકાસણી સમયે જ તુટી પડી. "કમિશન આપો, ટેન્ડર મેળવો", "ચંદા દો... ધંધા લો..." ભાજપાના મોડેલનું સત્ય ઉજાગર કરતું સૂરત જિલ્લાની પાણીની ટાંકીના કોન્ટ્રાક્ટર ભાજપાના અનેક પૈકીના એક ફંડ મેનેજર. હોવાનો પર્દાફાશ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપના ભ્રષ્ટાચારી રાજમાં ૨૧ કરોડના ખર્ચે નવનિર્મિત પાણીની ટાંકી તુટી પડી જેના કોન્ટ્રાક્ટર જયન્તી સુપર કન્સ્ટ્રક્શન દ્વારા વિવિધ બેંકોના ચેકથી ભાજપાને મોટા નાણાં ભેટ ધરાયા છે. મળતી માહિતી મુજબ કોન્ટ્રાક્ટર જયન્તી સુપર કન્સ્ટ્રક્શન દક્ષિણ ગુજરાતમાં કરોડો રૂપિયાના અધધ કામ પણ ભાજપાના આશીર્વાદથી કરી રહ્યાં છે....! ભાજપાના શહેર-જિલ્લા-ગામોનો વિકાસ થાય કે ન થાય ભાજપાના નેતાઓના વિકાસ પૂરપાટ ગતિએ થઈ રહ્યો છે. સમગ્ર રાજ્યની ભાજપા શાસિત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયત સહિતની સંસ્થાઓ વિકાસના નામે મોટા કાંડ અને કૌભાંડનો ભોગ સ્થાનિક નાગરિકો બની રહ્યાંછે. ભાજપાના ભ્રષ્ટાચારના ભોરિંગે નિર્દોષ નાગરિકોના ભોગ લીધા. સુરત તક્ષશીલાકાંડ, વડોદરા હરણી બોટ કાંડ, મોરબી ઝુલતા પુલ કાંડ અને રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિકાંડે ભ્રષ્ટાચારમાં ગળાડુબ ભાજપા શાસકોના ભયમુક્ત ભ્રષ્ટાચાર ખુલ્લો પડયો જેનો ભોગ નિર્દોષ બાળકો અને નાગરિકો બન્યાં. ગુજરાતમાં વિકાસના મોટા મોટા દાવા કરતી ભાજપા શાસનમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારને "કેગ" ઉજાગર કરે અથવા તો નામદાર વડી અદાલત ફટકાર લગાવે તેમ છતાં તંત્ર સુધરવાનું નામ લેતું નથી. ભાજપાએ જે રીતે કોઈ પણ વિકાસ કામ માટે કમલમ કમિશનની વ્યવસ્થા ઉભી કરીછે જેને લીધે રાજ્યના નાગરિકોની મૂળભુત ફરિયાદો પણ ધ્યાને લેવામાં આવતી નથી અને એટલે જ અનેક જગ્યાએ ભયમુક્ત ભ્રષ્ટાચારના ભોરીંગથી માનવસર્જિત આપત્તિ સર્જાય છે, જેનો તમામ નાગરિકો ભોગ બની રહ્યાં છે. ગુજરાતમાં બ્રિજ અકસ્માત / બાંધકામ તૂટવાની વારંવાર બનતી ઘટનાઓને પરિણામે ગુજરાતના લાખો નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે, તેમ છતાં ભાજપ સરકારનું સમગ્ર ઘટનામાં ગુનાહિત મૌન ચિંતાજનક છે. ભાજપ સરકારના ''ભ્રષ્ટાચારી મોડલ'' થી ગુજરાતના સામાન્ય નાગરિકો પરેશાની ભોગવી રહ્યા છે. કંપની પાસેથી કરોડો રૂપિયાનું ચૂંટણી ફંડ લેતી ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોની સલામતીને નેવે મૂકીને માત્ર ચૂંટણી ફંડ મેળવવા માટે રસ હોય તેમ જણાઈ રહ્યું છે.

## ટાટા ટુ ઇન્ફોસિસઃ ટોચના ઉદ્યોગ ગૃહોની ટ્રમ્પ સાથે મુલાકાત થશે

સ્વિત્ઝર્લેન્ડ સ્થિત દેવોસમાં ચાલી રહેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ૧૩૦ દેશોના ૩,૦૦૦ આર્થિક નિષ્ણાતો અને ઉદ્યોગપતિઓ હાજર છે. ભારતનું પ્રતિનિધિમંડળ પણ અહીં છવાઈ જવાના પ્રયાસ કરે તે સ્વાભાવિક છે. ભારત વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર છે અને ઝપાટાભેર વિકસી રહ્યું છે. આ ફોરમમાં અન્ય દેશોના પ્રતિનિધિઓ ભારતની આર્થિક પ્રગતિ પાછળનાં કારણો જાણવા મથશે. ભારતના વગદાર બિઝનેસ ગૃહો વિશ્વના અન્ય દેશો સાથે ચર્ચા કરશે અને ભારતની નીતિઓ વિશે વિશ્વ સમક્ષ ચર્ચા કરશે. અમેરિકાના બીજી વાર પ્રમુખ બનેલા ડોનાલ્ડ ટ્રમ્પે ઉપાડેલા ટેરિફના શસ્ત્રને ભારત પચાવી શક્યું છે અને તેની બજારો પર ઓછામાં ઓછી અસર થાય તેવું આયોજન કરવામાં સફળ રહ્યું છે. દેવોસમાં આવેલા ૧૩૦ દેશો પૈકીના અનેક દેશો ટ્રમ્પની ટેરિફ નીતિથી ત્રસ્ત છે. ભારતે રશિયા પાસેથી ઓઈલની ખરીદી ચાલુ રાખીને ટ્રમ્પને પડકાર્યા હતા. ભારત પોતાની નીતિઓમાં કોઈ બાંધછોડ કરવા તૈયાર નથી અને તેના આ અભિગમની અનેક દેશોએ પ્રશંસા કરી છે. દેવોસમાં ભારત તેના વિશાળ પ્રતિનિધિમંડળ સાથે હાજર છે. વૈશ્વિક આર્થિક તખ્તા પર ભારતના વધી રહેલા પ્રભાવના પગલે ભારતની ટોચની કંપનીઓના સીઈઓ દેવાસ ખાતેની વર્લ્ડ ઈકોનોમી ફોરમમાં વ્યૂહાત્મક રીતે ભારતના આર્થિક ગ્રોથની વાત મૂકશે. વિશ્વભરના ઉદ્યોગપતિઓ અને આર્થિક નીતિઓ ઘડનારાઓ સાથે ભારતના ઉદ્યોગપતિઓ ચર્ચા કરશે અને બિઝનેસનો વ્યાપ વધારવાના પણ પ્લાન મૂકશે. ભારતની કંપનીઓના જે સીઈઓ દેવોસ પહોંચ્યા છે તે વૈશ્વિક બિઝનેસ ટ્રેન્ડ ઊભો કરવામાં ભારત કેવી રીતે ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે તે દર્શાવશે. જેમ ક્રિકેટ મેચમાં ટીમ ઉતારાય છે એમ ભારતે દેવોસમાં ભારતની આર્થિક તાકાત બતાવતી ટીમ ઉતારી છે. ભારત આ વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં વિશ્વના આર્થિક નિષ્ણાતોને મળવાની તક ઝડપી લેશે. ભારત પર જંગી ટેરિફ લાદનાર અને ભારતના અર્થતંત્રને નબળું કહેનાર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પણ ભારતના સીઈઓ મળવાના છે. ટ્રમ્પને મળનારા સીઈઓમાં ટાટા સન્સના નટરાજન ચન્દ્રશેખરન, ભારતી એન્ટરપ્રાઈસના સુનિલ ભારતી મિત્તલ, વિપ્રોના શ્રીની પિલ્લાઇ, ઈન્ફોસિસના સલીલ એસ. પારેખ વગેરેનો સમાવેશ થાય છે. મહેન્દ્ર ગ્રુપના અનિશ શાહ, બજાજ ફિનસર્વના સંજીવ બજાજ પણ અહીં ઉપસ્થિત છે. ભારતના બિઝનેસ ગ્રુપ્સના સીઈઓ ટેકનોલોજી, મેન્યુફેક્ચરીંગ, ફાયનાન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોની વિગતો વૈશ્વિક તખ્તા પર મૂકશે.

# ગ્રીનલેન્ડ મુદ્દે માતેલા ટ્રમ્પ સામે યુરોપ લડી લેવાના મુડમાં

EDITORIAL



**ટ્રમ્પ પોતાની આડોડાઈ ઉપર જડ રીતે અડેલા છે અને તેઓ કોઈપણ ભોગે ગ્રીનલેન્ડ ઉપર સત્તા ઈચ્છે છે. તેના માટે તેણે પહેલી ફેબ્રુઆરીથી ડેનમાર્ક, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ અને ફિનલેન્ડ ઉપર ૧૦ ટકા ટેરિફ ઝિંકવાના આદેશ આપી દીધા છે. આ ઉપરાંત બ્રિટન અને નોર્વેને પણ ટેરિફ બોમ્બના લપેટામાં લઈ લીધા છે**

ગ્રીનલેન્ડને કોઈપણ મુદ્દે અમેરિકા હસ્તક કરવા માટે ટ્રમ્પ ભુંરાયા થયા છે. મતિભ્રષ્ટ રીતે વર્તતા અમેરિકી પ્રમુખને ચીનના નામે હવે દુનિયાભરના ઓઈલ, રેર અર્થમિનરલ્સ અને અન્ય ખાણ-ખનીજો ધરાવતા દેશો ઉપર તેમનું આધિપત્ય જોઈએ છે. તેના પગલે જ હવે તેઓ વેનેઝુએલા બાદ ગ્રીનલેન્ડ કબજે કરવા માટે મરણિયા બન્યા છે. ટ્રમ્પ દાવો કરી રહ્યા છે કે, ગ્રીનલેન્ડ અમેરિકાની સુરક્ષા માટે અને રેર અર્થ મિનરલ્સ માટે ખૂબ જ જરૂરી છે. તે ઉપરાંત તેના નાટો સાથી ડેનમાર્કની સુરક્ષા માટે પણ ગ્રીનલેન્ડ ખૂબ જ મહત્ત્વનું છે. આ સ્થિતિમાં યુરોપિયન યુનિયને પણ ટ્રમ્પ સામે વાંધો ઉઠાવ્યો છે. તેઓ કોઈપણ કાળે અમેરિકાને ગ્રીનલેન્ડ લેવા દેવા માગતા નથી. યુરોપીય સંઘે ચેતવણી ઉચ્ચારી છે કે, અમેરિકાના આ પગલાથી પશ્ચિમી દેશોની એકતા ભંગ થશે અને ખાસ કરીને નાટોને મોટું નુકસાન જશે.

ટ્રમ્પ પોતાની આડોડાઈ ઉપર જડ રીતે અડેલા છે અને તેઓ કોઈપણ ભોગે ગ્રીનલેન્ડ ઉપર સત્તા ઈચ્છે છે. તેના માટે તેણે પહેલી ફેબ્રુઆરીથી ડેનમાર્ક, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ અને ફિનલેન્ડ ઉપર ૧૦ ટકા ટેરિફ ઝિંકવાના આદેશ આપી દીધા છે. આ ઉપરાંત બ્રિટન અને નોર્વેને પણ ટેરિફ બોમ્બના લપેટામાં લઈ લીધા છે. ટ્રમ્પનું કહેવું છે કે, જો બ્રિટન અને નોર્વે પણ ગ્રીનલેન્ડ ખરીદવાની અમેરિકાની કવાયતમાં વચ્ચે આવશે તો તેમને પણ ભયાનક પરિણામ ભોગવવું પડશે. અમેરિકાએ તો એવી ધમકી પણ આપી દીધી છે કે જો તેઓ બે-ચાર મહિનામાં અમેરિકાને તાબે નહીં થાય તો ૧ જૂનથી ટેરિફ ૨૫ ટકા કરી દેવામાં આવશે. અમેરિકા જતી દરેક વસ્તુ ઉપર ૨૫ ટકા ટેરિફ લાગુ કરવામાં આવશે. અમેરિકા અને ટ્રમ્પની આવી આડોડાઈ અને તુમાખી સામે આ વખતે યુરોપિયન યુનિયન પણ આકરાપાણીએ આવ્યું છે. તેઓ પણ અમેરિકાને એટલી જ મજબૂતાઈથી વળતો જવાબ આપવા સજ્જ છે. જાણકારોના મતે અમેરિકાના ટેરિફ બોમ્બની સામે યુરોપિયન યુનિયને પણ પોતાના ટેરિફ બોમ્બ સજ્જ કરી લીધા છે અને ગમે ત્યારે અમેરિકા ઉપર ઝિંકી દેશે.

મહત્ત્વની વાત એ છે કે, યુરોપ દ્વારા જે વળતા ટેરિફ હુમલાની તૈયારી કરવામાં આવે છે તેનું નામ એન્ટિ કોએશન ઈન્સ્ટ્રૂમેન્ટ છે. આ એક એવો કાયદો ગણો કે નિયમ ગણો કે યુરોપિયન દેશોનું જોડાણનું ચાર્ટર ગણો પણ તે યુરોપિયન દેશોના રક્ષણ માટે બનાવાયેલું છે. આ નિયમ ૨૦૨૩/૨૬૭૫ યુરોપિયન યુનિયનના સભ્ય દેશોને થતા આર્થિક નુકસાન અને હેરાનગતિ સામે રક્ષણ આપવા બનાવવામાં આવ્યો છે. સીધી ભાષામાં કહીએ તો યુરોપિયન યુનિયનના સભ્ય દેશ સિવાયનો કોઈપણ



દેશ જો યુરોપિયન યુનિયનના સભ્ય દેશને ટેરિફ વધારાની ધમકી આપીને કે અન્ય કરવેરા દ્વારા બ્લેકમેલ કરે કે પછી હેરાન કરે તો યુરોપિયન યુનિયન તે દેશ ઉપર એટલો જ અથવા તો તેનાથી અનેક ગણો વધારે ટેરિફ ઝિંકિને તેને પાઠ ભણાવી શકે છે. આ નિયમ ૨૭ ડિસેમ્બર ૨૦૨૩માં જ અમલી કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, થોડા વર્ષ પહેલાં ચીન અને લિથુઆનિયા વચ્ચે ઊભા થયેલા સંઘર્ષ બાદ યુરોપિયન યુનિયન આ મુદ્દે હરકતમાં આવ્યું હતું. તે સમયે તાઈવાન મુદ્દે ચીન અને લિથિઆનિયા વચ્ચે ઘર્ષણ થયું હતું. તે ઘર્ષણને પગલે ચીને પોતાની નીતિઓ બદલી અને ચીનમાંથી બેરીઝ ખરીદવા માટે લિથુઆનિયાને ઘણા બધા દસ્તાવેજો ભરવા પડતા અને કામગીરી કરવી પડતી. લિથુઆનિયા અને તાઈવાન વચ્ચે નજદીકી ઊભી થતાં ચીને આવી આડોડાઈ કરી હતી. તેના જ ઉકેલ માટે યુરોપિયન યુનિયને તાકીદે નવી પોલિસી રચી દીધી હતી. હાલમાં તેને અમેરિકી બોમ્બ સામે ટ્રેડ બઝુકા તરીકે ઓળખવામાં આવે છે. અમેરિકા જો ટેરિફ વોરમાં ઉતરશે તો યુરોપિયન યુનિયન સીધું જ પોતાનું સૌથી શક્તિશાળી હથિયાર ઉગામી દેશે. જાણકારો માને છે કે, છેલ્લાં બે વર્ષમાં યુરોપિયન યુનિયનના ઘણા દેશોને બીજા દેશો સાથે વિવાદ થયા છે પણ તેમણે ક્યારેય આ નિયમોનો ઉપયોગ કર્યો નથી અને કરવા માગતા નથી. અમેરિકા સામે પણ યુરોપિયન યુનિયનની આ હથિયાર ઉગામવાની ઈચ્છા નથી પણ જો અમેરિકા તેની આડોડાઈ ઉપર અડેલું રહેશે તો યુરોપિયન યુનિયન પાસે કોઈ વિકલ્પ રહેશે નહીં.

જાણકારો માને છે કે, યુરોપિયન યુનિયનના ૨૭ સભ્ય દેશો છે. તેમને આર્થિક સ્થિરતા અને કવચ પૂરું પાડવા માટે આ નિયમની રચના કરાઈ હતી. આ તમામ સભ્ય દેશોમાંથી કોઈની પણ સામે બહારના દેશો આર્થિક પ્રતિબંધો અથવા ટેરિફ વોરની શરૂઆત કરે કે બ્લેકમેઈલિંગ કરે તો આ નિયમનો ઉપયોગ કરવાની સહમતી સાધવામાં આવેલી છે. યુરોપિયન યુનિયનના સભ્ય દેશો સંયુક્ત રીતે કોઈ એક કે તમામ સભ્ય દેશ સામે ઊભા થયેલા આર્થિક પડકારોનો સામનો કરવા માટે સામેના દેશના વેપાર અથવા તો રોકાણ અને અન્ય આર્થિક વ્યવહારો ઉપર પગલાં લેવાનું નક્કી કરે છે. ઘણા મુદ્દે તેઓ અલગ અલગ કેસ અને સ્થિતિ પ્રમાણે પગલાં લઈ શકે તેવું પણ બને. મહત્ત્વની વાત એ છે કે, યુરોપિયન યુનિયન દ્વારા ચાર તબક્કામાં પગલાં લેવાનું નક્કી કરવામાં આવેલું છે. સૌથી પહેલો તબક્કો તો તપાસનો છે. યુરોપિયન યુનિયન દ્વારા કોઈપણ સભ્ય દેશની વિનંતી, અરજીના આધારે અથવા તો કેટલાક કેસમાં સુઓમોટો લઈને જે-તે દેશની અથવા તો સમગ્ર યુનિયનની આર્થિક મુશ્કેલીઓની તપાસ કરવામાં આવે.

તેના માટે નિમાયેલા કમિશન દ્વારા ઝડપથી બેઠક બોલાવીને તમામ પાસાઓની તપાસ કરીને અને માહિતી મેળવીને ચાર મહિનાની અંદર પગલાં લેવાનું નક્કી કરવાનું હોય છે. ત્યારબાદ યુરોપિયન યુનિયનનું કમિશન નક્કી કરે છે કે ખરેખર આર્થિક સમસ્યાઓના કારણે કેટલું નુકસાન થઈ શકે છે. તેના આધારે તે વિવાદ ઉપર ઉતરેલા દેશને આવા પગલાં ન લેવા સમજાવે છે.

# જમીન સાવ ઓછી, મકાનોની ભારે તંગી, છતાં પશુઓ માટે શહેરમાં તેર આશ્રયગૃહો

જીવનની વિલક્ષણતા કહો કે વિચિત્રતા કહો, પણ ક્યારેક જેમની સાથે કશોય સંબંધ ન હોય એવી વ્યક્તિ સાથે દોસ્તીના તાર એવા તો બંધાઈ જાય છે કે જાણે વર્ષોની પુરાણી પહેચાન ન હોય! સ્ટેલા મારિયા, રેને અને પોલ સાથે બેલ્જિયમના એન્ટવર્પ શહેરમાં થોડા જ દિવસમાં ગાઢ દોસ્તી થઈ ગઈ. ૧૯૯૭માં બેલ્જિયમના એન્ટવર્પ શહેરમાં યોજાયેલી લેક્ચર સીરીઝ પછી ત્રણેક દિવસ હોલેન્ડમાં હું ફરી આવ્યો. હોલેન્ડથી પાછો ફર્યો, ત્યારે અમારાં એન્ટવર્પના યજમાન સ્ટેલા મારિયાએ પ્રશ્ન કર્યો, 'તમને હોલેન્ડમાં સૌથી વધુ રસ શેમાં પડયો?' મેં કહ્યું, 'એમ્સ્ટર્ડમની પ્રાણી માટેની એમ્બુલન્સ-સેવામાં. આવી પ્રવૃત્તિ ભારતમાં પણ માત્ર દિલ્હી કે વડોદરા જેવાં મહાનગરોમાં ચાલે છે, પરંતુ ત્યાં પણ એમ્સ્ટર્ડમ જેવું આયોજન નથી.'

અમારી સફરનો સાથી પોલ મારી વાતથી સ્તબ્ધ બની ગયો. એણે કહ્યું, 'કમાલ છો તમે. અમે વર્ષોથી એમ્સ્ટર્ડમની પાસે રહીએ છીએ, પણ અમને આવી પ્રવૃત્તિનો ખ્યાલ નથી અને તમે આટલે દૂરથી આવીને નજરોનજર જોઈ આવ્યા! ભારતમાં ચાલતી પ્રાણીઓ માટેની એમ્બુલન્સની પ્રવૃત્તિ અને એમર્સ્ડડામની પ્રવૃત્તિમાં તમને શો તફાવત લાગે છે?' મેં કહ્યું, 'મિત્રો! અમે પ્રાણી તરફનો પ્રેમ, જીવદયા અને અનુકંપામાં માનીએ છીએ. અમારા ધર્મોમાં પ્રાણીને મહત્ત્વનું સ્થાન છે. ઈશ્વરના વાહન તરીકે પ્રાણી હોય છે અથવા તો જૈન તીર્થંકરના પ્રતીક (લાંછન) તરીકે પ્રાણી હોય છે. પરંતુ પ્રાણી માટેની જે ભાવના મને હોલેન્ડના એમ્સ્ટર્ડમ શહેરના આ જૂથમાં જોવા મળી છે, એવી ભાવનાનો પરિચય ભારતમાં જવલ્લે જ થયો છે.

સ્ટેલા મારિયાએ ઉત્સુકતાથી પૂછયું, 'એમળ્ડામની એ એમ્બુલન્સમાં તમે શું જોયું? એમાં માત્ર પ્રાણીને સાચવીને દવાખાને લઈ જવા કરતાં કંઈ વિશેષ હતું ખરું?' મેં કહ્યું, 'એ એમ્બુલન્સમાં માણસને સારવાર આપતી સારામાં સારી અદ્યતન એમ્બ્યુલન્સ જેટલી જ સગવડ પ્રાણીઓ માટે હતી. એમાં સ્ટ્રેચર હતું, ફર્સ્ટએઈડનું બોક્સ હતું, નાની સિંક હતી. રબરનાં મોજાં અને કામળા હતાં. અરે, પ્રાણીઓ માટે ઓક્સિજનનાં સિલિંડર પણ હતાં.' રેને બોલી ઊઠયો, 'વાહ! કેવું સરસ! પ્રાણીઓની કેવી સુંદર જાળવણી! આમાં એમને કોઈ મદદ કરે ખરું?'

રેનેને મેં કહ્યું, 'આમ તો દુનિયાભરમાં પ્રાણી પર થતા જુલમ સામે પોલીસ ગુનો નોંધતી હોય છે. હકીકતમાં તો પોલીસે જ આવો ગુનો અટકાવવો જોઈએ. ભારતમાં એસ.પી.સી. અધિનિયમ મુજબ પ્રાણીઓ પર જુલમ કરતા માલિક કે માનવીને તમે પકડાવી શકો, પરંતુ ખુદ ઘણા ઓછા પોલીસોને આ કાયદાની જાણકારી છે અને ભાગ્યે જ કોઈ પોલીસ અધિકારીમાં પ્રાણીઓ સાથે થતા આવા દુર્વ્યવહારને અટકાવવાની વૃત્તિ જોવા મળે છે. જ્યારે અહીં પોલીસને જાણ થાય એટલે એ પહેલું કામ પ્રાણીઓ પર અત્યાચાર કરતા માણસને પકડવાનું કરે છે અને બીજું કામ આ એમ્બુલન્સ સેવાને જાણ કરે છે. કોઈ રખડતું પ્રાણી હોય કે જંગલી પ્રાણી હોય તો એને આ એમ્બુલન્સમાં વિનામૂલ્યે દવાખાનામાં લઈ જવામાં આવે છે. એને સારવાર અપાય છે અને પછી એને આશ્રયગૃહમાં મોકલવામાં આવે છે.' સ્ટેલા મારિયા બોલી ઊઠી, 'પ્રાણીઓ માટે આશ્રયગૃહ! અને તેય એમરર્ડામમાં! જ્યાં મકાનની તંગી, જ્યાં જમીનની તંગી! ત્યાં વળી આશ્રયગૃહ અને તે પણ પ્રાણી માટે!'

મેં સ્ટેલાને કહ્યું, 'તને આશ્ચર્ય થશે, પણ એમ્સ્ટર્ડમ શહેરમાં પ્રાણીઓ માટે આવાં એક નહીં, બલ્કે તેર આશ્રયગૃહો છે. એક આશ્રયગૃહ કૂતરાઓનું છે, તો બીજું બિલાડીઓનું છે. કોઈ પક્ષીનું આશ્રયગૃહ છે તો કોઈ વન્ય પ્રાણીનું આશ્રયગૃહ છે.' પોલે પૂછયું, 'આ પ્રાણીઓને એમ્બુલન્સવાળા કેવી રીતે સાચવે છે?' મેં કહ્યું, 'પોલ! જે રીતે આપણે આપણા સ્વજન ઘાયલ થયા હોય કે બીમાર થયા હોય તેની ચિંતા કરીએ છીએ એટલી જ ચિંતા આ જૂથના સ્વયંસેવકો પ્રાણીઓની કરે છે. કોઈ વાર મોડી રાત્રે ફોન આવે અને એમ કહે કે રસ્તા પર એક પ્રાણી ઘવાયેલું પડયું છે. જરા લઈ જજો. તો તરત જ દોડી જાય. ઘણી વાર પોતાના કામથી પરવારીને માણસ સાંજે ઘેર જતો હોય ત્યારે રસ્તા પર ઘવાયેલું પક્ષી કે પ્રાણી જુએ અને પછી ઘેર જઈને તરત ફોન કરે. ક્યારેક કોઈ હાઈ-વે પર જતા હોય અને રસ્તામાં પ્રાણીને ઘાયલ થયેલું કે કચડાયેલું જુએ એટલે તરત જ ટ્રકમાંથી કે મોટરમાંથી ફોન કરે. ફોન મળતાં જ એમ્બુલન્સ આવીને પ્રાણીને લઈ જાય. એમાં વાનમાં રહેલા પશુ-ડોક્ટર એને તાત્કાલિક સારવાર આપવાની શરૂ કરી દે. ક્યારેક આખી રાત પશુ કે પક્ષીને સારવાર અપાય. પ્રાણીને તાત્કાલિક સારવારની જરૂર ન હોય, પણ માત્ર સાચવવાની આવશ્યકતા હ તોય તો એમ્બુલન્સ હોલ રાખેલો હોય તેમાં આ પ્રાણીને રાતવાસો કરાવવામાં આવે છે. રેનેએ કહ્યું, 'એક કબૂતરની પાંખ કપાઈ ગઈ હોય અને પશુ-ડોક્ટર તરીકે કામગીરી બજાવનારને રાત્રે ફોન આવે તો શું થાય? એને અકળામણ ન થાય?'

મેં કહ્યું, 'તમારી વાત સાચી છે. કેટલાક દેશોમાં મેં જોયું છે કે મોડી રાત્રે કોઈ પશુ-ડોક્ટર પાસે જાવ તો એનો ખોફ વહોરી લેવો પડે, પરંતુ એમ્સ્ટર્ડમે એક જ ડોક્ટર પર કામનો અતિ બોજ ન પડે તે માટે પશુ-ડોક્ટરોનું ક્લિનિક ઊભું કરીને એક નવો ચીલો પાડયો છે, જેમાં સવારે ફરજ બજાવતા અને રાત્રે ફરજ બજાવતા પશુ-ડોક્ટરો જુદા જુદા હોય છે. પરિણામે દિવસે મળે એટલી જ સારવાર પશુ-પક્ષીઓને રાત્રે મળે છે.' સ્ટેલાએ પૂછયું, 'માણસની સારવાર કરીએ તો એ વ્યક્તિ કે એનાં સગાંવહાલાં તબીબી સારવારના પૈસા આપે, પરંતુ પશુ-પંખીની સારવાર, એના માટેના પશુ-ડોક્ટરો અને એમ્બુલન્સની આવી અદ્યતન વ્યવસ્થા કરવી એટલે ઘણો આર્થિક બોજો ઉપાડવાનો આવે. આ બધાનો ખર્ચ કોણ આપે?'

મેં કહ્યું, 'એની પણ મેં તપાસ કરી. ઘણી વાર પશુસેવાને પૈસાની દ્રષ્ટિએ ઘણી મોંઘી ગણવામાં આવે છે. એ બહાના હેઠળ પશુઓની પૂરતી દરકાર રાખવામાં આવતી નથી, પરંતુ એમ્સ્ટર્ડમની આ સેવા તો સેવાભાવી લોકો દ્વારા એવી સરસ રીતે ચાલે છે કે નાણાંની ખોટ પડતી નથી. આ જૂથ એક માસિક ચલાવે છે અને તેમાં જાહેરખબર મેળવીને આવક કરે છે. કેટલાક પશુપ્રેમીઓ કોઈ ફેસ્ટિવલમાં જઈને અથવા તો રસ્તા પર ટી-શર્ટ વેચે છે. તેઓ ફાજલ સમયમાં નાની નાની ચીજવસ્તુઓ વેચે છે. એમાંથી થતી આવકથી સંસ્થાને મદદ કરે છે. ભારતમાં વ્યક્તિ એના વસિયતનામામાં પશુઓને દાણા કે ચારો નાખવાનું કે અમુક સંખ્યામાં પશુઓની કતલ થતી અટકાવવા માટે અમુક રકમ ધર્મ કે અનુકંપાની દ્રષ્ટિથી લખાવતા હોય છે. એમ્સ્ટર્ડમમાં પણ મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે ઘણા લોકો એમના વસિયતનામામાં આ સંસ્થાને એની પશુસેવા માટે સારી એવી રકમ આપી જતા હોય છે.' મારી વાતમાં મારિયાને રસ પડયો. એણે પૂછ્યું, 'આમાં કામ કરનારા સ્વયંસેવકો કેવા છે?' મેં કહ્યું, 'આ સંસ્થામાં મેં ત્રણ પ્રકારના કાર્યકરો જોયા. એક તો પ્રાણીઓના ચાહકો, બીજા થોડુંક સ્વૈચ્છિક કાર્ય કરવાની ઈચ્છાવાળા યુવાન વ્યવસાયી લોકો અને ત્રીજા નિવૃત્ત લોકો. આ બધા વ્યક્તિગત માલિકોના કે ઈશ્વરની માલિકીનાં પ્રાણીઓને માટે સેવા આપવા અત્યંત ઉત્સુક જણાયા. પાળેલાં પ્રાણીઓની માવજત બરાબર થાય તે માટે આ સંસ્થાએ પશુ-ડોક્ટરોને એમને ઘેર વિઝિટે મોકલવાની પ્રથા ઊભી કરી છે. અમુક વાર્ષિક ફી આપો એટલે આ પશુ-ડોક્ટર વર્ષમાં ચોવીસ વખત એ પશુની તબિયત જોવા જાય છે.'

## પોલીસ આધુનિકીકરણને ઝડપી બનાવવું જોઈએ

તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે પોલીસ કસ્ટડીમાં મૃત્યુની સુઓમોટો નોંધ લીધી અને પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના તેના અગાઉના આદેશની સમીક્ષા શરૂ કરી. ૨૦૨૦ ના ''પરમવીર વિરુદ્ધ બલજીત સિંહ'' કેસમાં, સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને કસ્ટડીમાં ત્રાસના કેસોને રોકવા માટે પોલીસ સ્ટેશનોમાં પૂરતા પ્રમાણમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્દેશ આપ્યો હતો. તેવી જ રીતે, જુલાઈ ૨૦૨૫ માં, સુપ્રીમ કોર્ટે કેસમાં ડીએનએ નમૂનાઓનો સુરક્ષિત સંગ્રહ કરીને ૪૮ કલાકની અંદર ફોરેન્સિક લેબમાં મોકલવાનો નિર્દેશ આપ્યો હતો.

અગાઉ, જાન્યુઆરી ૨૦૧૯ માં, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પાયલોટ પ્રોજેક્ટ હેઠળ રાજ્યોને ૧૦,૦૦૦ થી વધુ ડીએનએ સંગ્રહ કીટ પૂરી પાડી હતી, કારણ કે જાતીય ગુનાઓની તપાસમાં ડીએનએ પરીક્ષણ એક મહત્વપૂર્ણ પાસું છે. નવા ફોજદારી કાયદાઓ પણ તપાસમાં વૈજ્ઞાનિક પુરાવા પર વધુ ભાર મૂકે છે. સાત વર્ષ કે તેથી વધુ કેદની સજા સાથે સંકળાયેલા ફોજદારી કેસોમાં, ફોરેન્સિક નિષ્ણાતને હવે ફોરેન્સિક પુરાવા એકત્રિત કરવા માટે ઘટનાસ્થળની મુલાકાત લેવાની અને મોબાઈલ ફોન અથવા અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણનો ઉપયોગ કરીને ઘટનાસ્થળનો ફોટોગ્રાફ અથવા વિડિયોગ્રાફી કરવાની જરૂર છે. પોલીસે સ્થળ પર કોઈપણ શોધ અને જપ્તીની વિડિઓગ્રાફી કરીને ૪૮ કલાકની અંદર મેજિસ્ટ્રેટને મોકલવાની પણ જરૂર છે. ગૌણ ઈલેક્ટ્રોનિક પુરાવા પણ સાયબર નિષ્ણાત દ્વારા ચકાસવા આવશ્યક છે. એ સાચું છે કે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ફોરેન્સિક સંસાધનો વિકસાવવા માટે પાંચ વર્ષનો સમયમર્યાદા પ્રદાન કરે છે, પરંતુ આ પ્રાપ્ત કરવા માટે, રાજ્યોને નાણાકીય સંસાધનોમાં વધારો કરવો પણ જરૂરી છે. હાલની પોલીસ આધુનિકીકરણ યોજના શરૂઆતમાં ૧૯૯૯-૨૦૦૦ માં ૧૦ વર્ષના સમયગાળા માટે શરૂ કરવામાં આવી હતી. ૧૦ વર્ષ પછી, યોજનાને ચાલુ રાખવાની ભલામણ કરવામાં આવી હતી, પરંતુ તેમાં માઓવાદી પ્રભાવિત વિસ્તારો માટે ભંડોળ વધારવા અને દરિયાકાંઠાના અને સરહદી વિસ્તારો માટે ખાસ યોજનાઓ વિકસાવવાની પણ ભલામણ કરવામાં આવી હતી. પોલીસ આધુનિકીકરણ યોજનાએ પોલીસ ગતિશીલતામાં વધારો, ટેલિકોમ્યુનિકેશનમાં સુધારો, શસ્ત્રોની ગુણવત્તામાં સુધારો, કોમ્પ્યુટરાઈઝેશન, તાલીમ, સુરક્ષા સાધનો ખરીદવા અને ફોરેન્સિક લેબ્સના આધુનિકીકરણ દ્વારા રાજ્યોને નોંધપાત્ર રીતે ફાયદો કરાવ્યો છે. એ પણ નોંધવું જોઈએ કે સમય જતાં, પોલીસ દળોની સંખ્યામાં વધારો થયો છે, અને ઘણા નવા પડકારો ઉભા થયા છે.

જ્યારે પોલીસ અને જાહેર વ્યવસ્થાને બંધારણની સાતમી અનુસૂચિ હેઠળ ''રાજ્ય સૂચિ'' માં સમાવવામાં આવ્યા છે, અને પોલીસને જરૂરી નાણાકીય સંસાધનો પૂરા પાડવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકારોની છે, ત્યારે રાજ્યોમાં આંતરિક સુરક્ષા જાળવવી એ પણ બંધારણીય માળખા હેઠળ કેન્દ્ર સરકારની મુખ્ય જવાબદારી છે. આ જવાબદારી પૂર્ણ કરવા માટે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયની છત્ર યોજના, ''પોલીસ આધુનિકીકરણ માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સહાય'' દ્વારા રાજ્યોને પોલીસ આધુનિકીકરણ ભંડોળ પૂરું પાડવામાં આવે છે. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને પૂર્વોત્તર રાજ્યો માટે ભંડોળ પેટર્ન ૯૦:૧૦ છે. આનો અર્થ એ થયો કે કેન્દ્ર સરકાર ૯૦ ટકા ફાળો આપે છે, જ્યારે બાકીનો ફાળો આ રાજ્યો દ્વારા આપવામાં આવે છે. અન્ય રાજ્યો માટે, ગુણોત્તર ૬૦:૪૦ છે. અગાઉ, શેરિંગ ૭૫:૨૫ હતું, પરંતુ ૨૦૧૨-૧૩ થી તેને બદલીને ૬૦:૪૦ કરવામાં આવ્યું હતું. નિઃશંકપણે, કેન્દ્ર સરકારે પોલીસ આધુનિકીકરણ યોજનાને સમર્થન આપવાનું ચાલુ રાખ્યું છે, પરંતુ તેના હેઠળ વાર્ષિક ભંડોળ ફાળવણી સતત ઘટી રહી છે. જ્યારે ૨૦૧૨-૧૩ માં કેન્દ્ર સરકારનું યોગદાન આશરે ૧,૫૫૮ કરોડ હતું, તે ૨૦૨૩-૨૪ માં તેના સૌથી નીચા સ્તરે ૪૬૦ કરોડ પર આવી ગયું. જુલાઈ ૨૦૨૪ માં નવા ફોજદારી કાયદાના અમલીકરણ પછી, ૨૦૨૫-૨૬ માં કેન્દ્ર સરકારનો હિસ્સો વધીને આશરે ૧,૦૦૭ કરોડ થયો છે. આ વલણને સતત વધારવાની જરૂર પડશે. કેન્દ્ર સરકારે નાણાકીય સંસાધનોના પ્રવાહ પર નજર રાખવા માટે પબ્લિક ફંડ મેનેજમેન્ટ સિસ્ટમ જેવી સિસ્ટમ પણ અપનાવી છે, પરંતુ તે ઉપયોગની દ્રષ્ટિએ ખૂબ કાર્યક્ષમ નથી.

## આજનું રાશીફળ

**મેષ** – તેને રચનાત્મક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ રહેશે. મુશ્કેલીના સમયે મિત્રને સાથ આપવાથી તમને આધ્યાત્મિક સુખ મળી શકે છે. પડકારોને સ્વીકારવાથી તમારું મનોબળ વધશે.

**વૃષભ** – તમે ધાર્મિક અને સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહી શકો છો. તેમજ સમાજમાં તમને યોગ્ય સન્માન અને વર્ચસ્વ પ્રાપ્ત થશે. સંતાનોની કોઈપણ સફળતાથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.

**મિથુન** – આજે કોઈ મહત્વપૂર્ણ લાભદાયક સૂચના પ્રાપ્ત થઈ શકે છે. મિત્રો અને પરિચિતો સાથે તમારા સંબંધો મધુર બનાવો. આ સમયે નવી માહિતી મળી શકે છે. આવકના સાધનો ઘટશે પણ ખર્ચ યથાવત્ રહી શકે છે.

**કર્ક** – તમારી યોજનાઓ શરૂ કરવાનો આ યોગ્ય સમય છે. લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યામાંથી રાહત મળી શકે છે. એ હકીકતનો મહત્તમ ઉપયોગ કરો કે સમય તમારી બાજુમાં છે.

**સિંહ** – આજનો દિવસ ઘરની યોગ્ય વ્યવસ્થા જાળવવામાં અને સુખ-સુવિધાઓ જેવી વસ્તુઓની ખરીદીમાં પસાર થશે. ઘરમાં કોઈ નજીકના વ્યક્તિના આગમનથી આનંદનું વાતાવરણ રહેશે.

**કન્યા** – જો જમીન-સંપત્તિ સંબંધિત કોઈ મામલો ચાલી રહ્યો હોય તો સફળતા મળવાની સારી સંભાવના છે. આ સમયે કુદરત તમને ભરપૂર સહયોગ આપી રહી છે, આ સફળતાનો ઉપયોગ તમારી કાર્યક્ષમતા પર નિર્ભર કરી શકે છે.

**તુલા** – ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. વિશ્વાસુ વ્યક્તિની સલાહ અને સમર્થન તમારા ખોવાયેલા ગૌરવને પુનઃસ્થાપિત કરશે અને આ રીતે આત્મવિશ્વાસમાં વધારો કરશે.

**વૃશ્ચિક** – જે કામો છેલ્લા કેટલાક સમયથી પરેશાન થઈ રહ્યા હતા તે તમારી સમજણથી ખૂબ જ સરળતાથી ઉકેલાઈ જશે. શુભ પરિણામ પણ અપેક્ષા કરતા વધુ મળી શકે છે. સમય અનુકૂળ રહેશે.

**ધન** – વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ અથવા કારકિર્દી સંબંધિત પરીક્ષાઓમાં સફળતા મળવાની સંભાવના છે. ધાર્મિક કાર્ય કરનાર વ્યક્તિ સાથેની મુલાકાત તમારા વિચારોમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

**મકર** – આજનો દિવસ સુખ અને તાજગી લાવી શકે છે. તમે તમારા કાર્યો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશો. તમારી છેલ્લી ભૂલોમાંથી શીખો અને તમારું પ્રદર્શન સુધારવાનો પ્રયાસ કરો. ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો.

**કુંભ** – કોઈ ધાર્મિક સંસ્થા પ્રત્યે તન અને મનથી સહયોગ કરવાથી તમને ખુશી મળી શકે છે. માનસિક આરામ પણ મળી શકે છે. યુવાનોને તેમની મહેનત પ્રમાણે સારા પરિણામ મળશે.

**મીન** – વારસાગત મિલકત સંબંધિત કોઈ બાબત અટકેલી હોય તો આજે તેના પર ધ્યાન આપો. સફળતાના યોગ બની રહ્યા છે. ઘરની આરામની વસ્તુઓની ખરીદીમાં પણ સમય પસાર કરો.

# ડભોઈ નગરપાલિકાની ઘોર બેદરકારી સ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય માર્ગ પર મોતના ખાડા

### શું તંત્ર કોઈના મોતની રાહ જોઈ રહ્યું છે



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈના નાનોદી ભાગોળથી શિનોર ચોકડી વચ્ચેનો મુખ્ય માર્ગ હાલ વાહનચાલકો માટે જોખમી બન્યો છે. ડભોઈ નગરપાલિકા દ્વારા ગટર અને પાણીની લાઈન માટે કરવામાં આવેલું ખોદકામ પૂર્ણ થયા બાદ પણ ખાડા યોગ્ય રીતે પૂરવામાં આવ્યા નથી મુખ્ય પ્રવાસન માર્ગ: આ રસ્તો જગવિખ્યાત 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' (SOU) ને જોડતો મુખ્ય માર્ગ હોવાથી અહીંથી રોજના હજારો વાહનો પસાર થાય છે.સુરક્ષાનો અભાવ: ખાડાની આસપાસ કોઈ પણ પ્રકારના સૂચના બોર્ડ, બેરિકેડ કે રેડિયમ નિશાન લગાવવામાં આવ્યા નથી.અકસ્માતનો ભય: રાત્રિના સમયે દૂરથી આવતા વાહનચાલકોને આ ખાડા દેખાતા નથી, જેને કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો થઈ રહ્યા છે.વાહનચાલકોની માંગણી સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની સ્પષ્ટ માંગ છે કે જો કામ પૂર્ણ થઈ ગયું હોય, તો તાત્કાલિક અસરથી ખાડા પૂરીને રોડ લેવલિંગ કરવામાં આવે જ્યાં સુધી કામ ચાલુ હોય, ત્યાં તાત્કાલિક ધોરણે રેડિયમ સ્ટીકર અને ચેતવણીના બોર્ડ મૂકવામાં આવે જેથી નિર્દોષ લોકોનો ભોગ ન લેવાય નગરપાલિકા જાગશે ક્યારે? કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલા તંત્ર આળસ ખંખેરીને કામગીરી કરે તેવી લોકમાંગ ઉઠી છે.

# મકાનના બાંધકામ દરમિયાન લોખંડનો સળિયો જીવંત વીજ લાઈનને અડી જતાં 32 વર્ષીય આશાસ્પદ યુવાનનું કરુણ મોત

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના વઢવાણા ગામે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ધર્મિષ્ઠાબેન દિનેશભાઈ પાટણવાડીયા ના નવા મકાનના બાંધકામ દરમિયાન લોખંડનો સળિયો જીવંત વીજ લાઈનને અડી જતાં 32 વર્ષીય આશાસ્પદ યુવાનનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે ડભોઈ તાલુકાના વઢવાણા ગામની નવી નગરીમાં રહેતા રમેશભાઈ મહેન્દ્રભાઈ પાટણવાડિયા (ઉંમર વર્ષ ૩૨) ગામમાં આવેલાધર્મિષ્ઠાબેન દિનેશભાઈ પાટણવાડીયા નવીન બાંધકામનું કામ કરી રહ્યા હતા. તેઓ જ્યારે મકાનનું કોપિંગ (.ફેઝ લાઈન) ને અડી ગયો હતો.


**શું તમે જાણો છો?** 15 ઓગસ્ટ અને 26 જાન્યુઆરીએ અલગ ધ્વજ લહેરાવવાની રીત વિશે ?

# રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સાચી રીત નિયમો અને તમામ દિવસોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની છૂટ કેવી રીતે મળી?

### સમગ્ર દેશમાં આ બંને પ્રસંગોએ ધ્વજવંદન કાર્યક્રમો યોજવામાં આવે છે અને બંને વચ્ચે શું તફાવત છે એ જાણીએ

• લેખિકા -દર્શના પટેલ

આવો જાણીએ 26 જાન્યુઆરીએ રાષ્ટ્રપતી દ્વારા અને 15 ઓગસ્ટે વડાપ્રધાન દ્વારા ધ્વજ વંદન કરવામાં આવે છે બંને દિવસો દરેક ભારતીય નાગરિકો માટે ખૂબ જ મહત્વના છે 15 ઓગસ્ટ ના રોજ આખો રાષ્ટ્ર શહીદોને શ્રદ્ધાંજલી આપીને આઝાદીની ઉજવણી કરે છે અને 26 જાન્યુઆરીના દિવસે આપણા બંધારણ અને લોકશાહીના મહત્વની અનુભૂતિ કરાવે છે સમગ્ર દેશમાં આ બંને પ્રસંગોએ ધ્વજવંદન કાર્યક્રમો યોજવામાં આવે છે અને બંને વચ્ચે શું તફાવત છે એ જાણીએ.



26 જાન્યુઆરીએ ભારતના રાષ્ટ્રપતી નવી દિલ્હી મા યોજાનારા સમારોહમાં ધ્વજ ફરકાવે છે અને 15 મી ઓગસ્ટ વડાપ્રધાન દ્વારા ધ્વજ વંદન કરવામાં આવે છે બીજી એક વાત એ પણ છે કે 26 જાન્યુઆરી એ નવી દિલ્હી રાજપથ ( ઈન્ડિયા ગેટ) પર ધ્વજ લહેરાવા માં આવે છે અને 15 ઓગસ્ટે દિલ્હી( લાલ કિલ્લા )ખાતે ધ્વજ લહેરાવવામાં આવે છે ત્રીજી એક અલગ વાત એ પણ છે કે 15 ઓગસ્ટ તિરંગો સહેજ નીચે બંધાયેલો હોય છે ઉપરની તરફ લહેરાવવામાં આવે છે જેને ફ્લેગ હોસ્ટિંગ કહે છે અને 26 જાન્યુઆરીએ ધ્વજ ઉપર જ બંધાયેલો હોય છે તે ત્યાં ખોલવામાં આવે છે અને ફરકાવવામાં આવે છે જેને ફ્લેગ અન ફરલિંગ કહે છે 26 જાન્યુઆરી રાષ્ટ્રપતી રાષ્ટ્રધ્વજ લહેરાવે છે કારણ કે એ દેશના બંધારણીય વડા છે વડાપ્રધાન રાજકીય વડા કહેવામાં આવે છે આ દિવસે આપણા દેશને પ્રથમ રાષ્ટ્રપતી મળ્યા હતા ડૉ.રાજેન્દ્ર પ્રસાદ આ દિવસે રાષ્ટ્રપતીનું પદ સંભાળ્યું હતું એટલે 26 જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રપતી દ્વારા ધ્વજ ફરકાવવા માં આવે છે.

રાષ્ટ્રીય ધ્વજ ભારતના લોકોની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતીક છે આ આપણા રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે બધાના માર્ગદર્શન અને હિત માટે ભારતીય સંહિતા 2002માં એક સાથે લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે ભારતીય ધ્વજ સંહિતા 2002 ના રોજ 26 જાન્યુઆરી 2002 થી લાગુ કરવામાં આવી છે. ભારતમાં દર વર્ષે 15 ઓગસ્ટ ને આપણે સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવીએ છીએ અને 26જાન્યુઆરી ગણતંત્ર દિવસ. રાષ્ટ્રધ્વજ સાથે સંકળાયેલી એવી વાત જે દરેક દેશભક્તને જાણવી જરૂરી છે. 'વિજય વિશ્વ ત્રિરંગા પ્યારા ઝંડા ઊંચા રહે હમારા' ગીત આપણા ત્રિરંગા ને સમર્પિત છે ત્રિરંગો જોઈને બાળકોથી લઈ મોટા સૌ કોઈ જોશમાં ભરેલા રહે છે દર વર્ષે સ્વતંત્રતા દિવસ અને ગણતંત્ર દિવસ પર લાલ કિલ્લા પર રાષ્ટ્રીય ઝંડાને ખૂબ આદરની સાથે ફરકાવાય છે 21 તોપની સલામી અપાય છે અને સેના ભારતીય ધ્વજનો સન્માન કરે છે. 1947માં પસંદ કરાયેલા રાષ્ટ્રધ્વજ' પિંગાલી વેક્યા' દ્વારા રચાયેલ છે 2002 પહેલા ભારતના જન સામાન્ય માટે નક્કી કરાયેલ રાષ્ટ્રીય તહેવારો સિવાય ના દિવસોમાં જાહેરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું પ્રતિબંધિત હતું ફક્ત સરકારી કચેરીઓ અને ભવનો માટે જ છૂટછાટ હતી. પરંતુ નવીન જિંદાલ નામના ઉદ્યોગપતિએ દિલ્હી વડી અદાલતમાં જનહિત ની એક અરજી દાખલ કરી અને આ પ્રતિબંધનો નો અંત કરાવ્યો જિંદાલે દલીલ કરી કે સંપૂર્ણ સન્માન અને વિધિપૂર્વક રાષ્ટ્રધ્વજ ફરકાવવો તે તેમનો નાગરિક અધિકાર છે અને આ રીતે તે પોતાનો દેશ પ્રેમ વ્યક્ત કરી શકે છે આ દાવો ભારતના ઉચ્ચ ન્યાયાલયમાં ફેરવવામાં આવ્યો જ્યાં માન ઉચ્ચ ન્યાયાલય દ્વારા ભારત સરકારને આ બાબત ઉકેલવા માંટે એક સમિતી રચવાનું કહેવામાં આવ્યું. કેન્દ્રીય મંત્રી મંડળમાં ભારતીય ધ્વજ સંહિતામાં સુધારો કરી 26 જાન્યુઆરી 2002 થી જન સામાન્ય ને રાષ્ટ્રધ્વજની ગરીમા અને સન્માન જળવાય તે રીતે તમામ દિવસોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની છૂટ આપવામાં આવી. જ્યારે પણ ત્રિરંગો લહેરાવવામાં આવે ત્યારે તેને સન્માન પૂર્ણ સ્થાન આપવામાં આવે તેને એવા સ્થાન પર લગાવવો જ્યાંથી સ્પષ્ટરૂપે ધ્વજ જોવા મળે. સરકારી ભવન પર ત્રિરંગો રવિવારે અને અન્ય રજાઓને દિવસે પણ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી લહેરાવવામાં આવે છે.

### બહેનના લગ્નમાં ન જવા મામલે પતિ એ પત્નીનું દુપટ્ટા વડે ગળું દબાવી મારી નાંખવાનો પ્રયાસ કર્યો

# ઓલપાડમાં રહેતી મુસ્લિમ પત્નીએ પતિ વિરૂધ્ધ શારીરિક-માનસિક ત્રાસ આપવા બાબતે પોલીસ ફરીયાદ

**શારીરિક-માનસિક ત્રાસ** મહિલાનાં ૬ માસનાં ગર્ભપાત બાદ મૃત હાલતમાં શિશુને ઓપરેશન દ્વારા બહાર કઢાયો હતો

• ઓલપાડ,તા.૨૪

ઓલપાડ ટાઉનમાં રહેતી એક મુસ્લિમ પત્નીએ તેના પતિ વિરૂધ્ધ શારીરિક-માનસિક ત્રાસ આપવા બાબતે ઓલપાડ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. સગુફતા ભાનમાં આવતા તેણીએ હોસ્પિટલનાં બિછાનેથી ગત તા.૨૨ નાં રોજ તેના પતિ અનસ મેમણ વિરૂધ્ધ શારીરિક- માનસિક ત્રાસ આપવાં બદલ ઓલપાડ પોલીસને ફરીયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે પતિ વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત શહેરમાં ભરીમાતા રોડ, વરીયાવી બજારનાં મન્નત એપાર્ટમેન્ટ નાં ફ્લેટ નં.૪૧૦ માં રહેતી સગુફતા યાકુબ પઠાણ(હાલ ઉ.વ.૨૨)ને તેના એપાર્ટમેન્ટમાં રહેતા અનસ મોંહમદ ફારૂક મેમણ સાથે પ્રેમ સબંધ બંધાતા ગત તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ પ્રેમ લગ્ન કર્યા હતા.આ પ્રેમ લગ્નનાં કારણે અનસ મેમણને પોતાના માતા-પિતા સાથે સબંધ બગડતા બંન્ને પતિ-પત્ની છેલ્લા પાંચ માસથી ઓલપાડ-સરસ રોડ ઉપર આવેલ બાગેહુદા સોસાયટીનાં ભાડાનાં મ.નં.૨૭ માં રહેતા હતા.બંન્ને મિયાં-બીબી વચ્ચે તે સમયથી જ નાની-નાની વાતોમાં બોલાચાલી બાદ ઝઘડો થતો હતો. આ ઉપરાંત અનસ તેની પત્ની સગુફતાને તેના માં-બાપને મળવા પિયર મોકલતો ન હતો અને તેણીને શારીરિક-માનસિક રીતે ત્રાસ આપતો હતો.જો કે આ સમય દરમ્યાન સગુફતાને છ માસનો ગર્ભ રહ્યો હતો. જયારે સગુફતાની સબંધી બહેન સાજીયા ફૈયાઝખાનનાં લગ્ન તા.૨૫ મી જાન્યુઆરીના રોજ હોવાથી તેણે પતિ અનસ મેમણને તેની બહેનના લગ્નમાં મોકલવા વિનંતી કરતા અનસ મેમણે ઝઘડો કરી તેને મારઝૂડ કરી ધમકી આપી હતી કે,જો તું લગ્નમાં જશે તો તને જીવતી રહેવા નહીં દઉં.

ગત તા.૧૪ મી જાન્યુઆરીના રોજ બપોરના સુમારે સગુફતાએ ફરી લગ્નમાં મોકલવાની જીદ કરી હતી,તે સમયે અનસ ગુસ્સે થઈ તેને મારી નાંખવાના ઈરાદે દુપટ્ટા વડે ગળુ દબાવી દેતા તે બેભાન થઈ ગઈ હતી.જેથી તેનો પતિ નજીકમાં રહેતા તેના કાકા-કાકી સાથે સગુફતાને ઓલપાડ ખાતેની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયો હતો.ત્યાં ફરજ પરના તબીબે તેણીને વધુ સારવાર માટે સુરત ખસેડવાની સલાહ આપતાં તેણીને રાંદેર ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવા માં આવી હતી.જો કે સગુફતાને હોસ્પિટલમાં દાખલ કરેલ હોવાની જાણ થતા તેણીના માં-બાપ પણ ત્યાં પહોંચ્યા હતા.ત્યાં હોસ્પિટલનાં પરના તબીબે તેણીનાં પેટમાં ગર્ભ હોવાથી તેની નાજુક તબિયતનાં કારણે બાળક કે સગુફતા બે માંથી એક નો જીવ બચાવવા ઓપરેશન કરવું પડશેનું જણાવ્યું હતું.જેથી પરિવારે સગુફતાને બચાવવાનું કહેતા તબીબે બાળકને સર્જરી કરી બહાર કાઢતા શિશુ મૃત હાલતમાં બહાર આવ્યું હતું.તે સમયે સગુફતાને બેભાન હાલતમાં સુરત ખાતેની બીજી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જ્યાં હોસ્પિટલનાં બિછાને ભાનમાં આવી ત્યારે બાળક મૃત જન્મ્યું હોવાની જાણ તેના માં-બાપે કરી હતી.

આ બાબતે સગુફતા ભાનમાં આવતા તેણીએ હોસ્પિટલનાં બિછાનેથી ગત તા.૨૨ નાં રોજ તેના પતિ અનસ મેમણ વિરૂધ્ધ શારીરિક- માનસિક ત્રાસ આપવાં બદલ ઓલપાડ પોલીસને ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે પતિ વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રતિબંધ છતાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ધૂમ વપરાશ: નગરપાલિકા ત્રાટકી

### ડભોઈ નગરમાં કેટલાક વેપારીઓ દ્વારા બેરોકટોક તેનો ઉપયોગ ચાલુ રાખવામાં આવ્યો હતો

• ફકીરા ખત્રી ડભોઈ




ડભોઈ પ્રતિબંધ છતાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ધૂમ વપરાશ, નગરપાલિકા ત્રાટકી; ૨૨ કિલો જથ્થો જપ્ત ડભોઈ સરકાર દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં, ડભોઈ નગરમાં કેટલાક વેપારીઓ દ્વારા બેરોકટોક તેનો ઉપયોગ ચાલુ રાખવામાં આવ્યો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને ડભોઈ નગરપાલિકા તંત્ર દ્વારા ઓચિંતું ચેકિંગ હાથ ધરી કડક કાર્યવાહી કરવામાં આવી છે.નગરપાલિકાની ટીમ દ્વારા સપાટોનગરપાલિકાના ચીફ ઓફિસર જયકિશન તડવી અને પ્રમુખના માર્ગદર્શન હેઠળ એક ખાસ ટીમ તૈયાર કરવામાં આવી હતી. આ ટીમ દ્વારા નગરના મુખ્ય બજાર અને વિવિધ વિસ્તારોમાં આવેલી દુકાનોમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન અનેક દુકાનોમાંથી પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક મળી આવ્યું હતું મુખ્ય વિગતો જપ્ત કરેલ જથ્થો: વિવિધ દુકાનોમાંથી અંદાજિત ૨૨ કિલો જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું દંડની કાર્યવાહી: નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ પાસેથી પ્લાસ્ટિકનો જથ્થો કબજે કરી સ્થળ પર જ દંડ ફટકારવામાં આવ્યો હતો. ચેતવણી: આગામી દિવસોમાં જો કોઈ વેપારી સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા પકડાશે, તો તેના વિરુદ્ધ વધુ કડક કાયદાકીય પગલાં લેવાની ચીમકી આપવામાં આવી છે. આ કામગીરીમાં નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર હિનાબેન રાઠવા, સિટી મેનેજર ભાવિશા પરમાર, સુપરવાઈઝર ઈકબાલભાઈ મન્સૂરી, નિલેશ વાઘેલા અને સેનેટરી સ્ટાફના સભ્યો જોડાયા હતા. નગરપાલિકાની આ આક્રમક કાર્યવાહીને પગલે નગરના વેપારી આલમમાં ફફરાટ વ્યાપી ગયો છે.તંત્ર દ્વારા તમામ વેપારીઓને પ ર્યા વરણના હિતમાં પ્લાસ્ટિકનો ત્યાગ કરવા અને પેપર કે કાપડની થેલીઓનો આગ્રહ રાખવા સમજ પણ આપવામાં આવી હતી.

# બંબુસરમાં પાવરગ્રીડ-જેટકોની જોહુકમી સામે ખેડૂતોનો જંગ

### વિના હાઈટેન્શન લાઈનનું કામ શરૂ કરાતા ગ્રામજનોમાં ભભૂકતો રોષ

• ભરૂચ,



ભરૂચના બંબુસર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પાવરગ્રીડ તથા જેટકો દ્વારા નાખવામાં આવી રહેલી હાઈટેન્શન વીજ લાઈનની કામગીરી સામે ખેડૂતોએ બળવો પોકાર્યો છે. ખેડૂતોનો ગંભીર આક્ષેપ છે કે, તંત્ર દ્વારા કોઈપણ લેખિત નોટિસ આપ્યા વિના કે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કર્યા વગર જ સીધું જમીનમાં કામ શરૂ કરી દેવાયું છે. કલેક્ટર કચેરીમાં અસરગ્રસ્તોને સાંભળ્યા વિના જ એકતરફી (Ex-parte) હુકમો પસાર કરવામાં આવતા ન્યાયપ્રક્રિયા સામે પણ સવાલો ઉઠ્યા છે.

આક્રમક બનેલા ખેડૂતોએ આવેદનપત્ર પાઠવી આક્ષેપ કર્યો છે કે, કેટલાક કિસ્સાઓમાં વિદેશમાં રહેતા ખેડૂતોના નામે ખોટા અહેવાલો રજૂ કરીને સત્તાધીશોને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. 'અમે વિકાસના વિરોધી નથી, પણ ખેડૂતોના હક્કોના ભોગે આ અન્યાય સાંખી લેવાય નહીં,' તેમ જણાવતા ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વળતર અને સંમતિની પારદર્શક પ્રક્રિયા નહીં અપનાવાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. તંત્રની આ એકતરફી નીતિ સામે અત્યારે સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

# ડભોઈ શહેર માં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો થનગનાટ



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેર માં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો થનગનાટ: શહેરના માર્ગો ત્રિરંગાથી ઉભરાયા ડભોઈ સમગ્ર દેશ જ્યારે ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીની તૈયારીઓમાં ડૂબ્યો છે, ત્યારે ઐતિહાસિક ડભોઈ શહેરમાં પણ દેશભક્તિનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે શહેરના મુખ્ય માર્ગો અને બજારોમાં રાષ્ટ્રધ્વજ 'ત્રિરંગા'નું વેચાણ પૂરજોશમાં શરૂ થઈ ગયું છે.બજારોમાં ત્રિરંગાની ધૂમ ડભોઈ શહેરના વિવિધ વિસ્તારોમાં લારી-ગલ્લા, સાયકલ સવારો અને સ્ટેશનરીની દુકાનોમાં લહેરાતા ત્રિરંગા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. નાના ટેબલ ફ્લેગથી લઈને મકાનો પર લગાવી શકાય તેવા મોટા રાષ્ટ્રધ્વજ તેમજ બાળકો માટેની ત્રિરંગાવાળી ટોપીઓ અને બેજનું વેચાણ કરતા વેપારીઓ માર્ગો પર નજરે પડી રહ્યા છે.

### જુગારની રેડ દરમિયાન સાત ઈસમોને ઝડપી પાડ્યા હતા દાવ ઉપર 12350 રૂપિયાના મુદામાલ કર્યો જપ્ત કર્યો હતો

# ડભોઈ પોલીસે બાતમીને આધારે સુરજ ફળિયા પાસે થી જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ પોલીસે બાતમીને આધારે સુરજ ફળિયા પાસે થી જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા જ્યારે બે પકડવાના બાકી રેડ દરમિયાન દાવ ઉપર અને અંગ જડતી સાથે 21.350 રોકડા મળી આવ્યા જ્યારે ભીખન કુઈ પાસે જુગારની રેડ દરમિયાન સાત ઈસમોને ઝડપી પાડ્યા હતા દાવ ઉપર 12350 રૂપિયાના મુદામાલ કર્યો જપ્ત કર્યો હતો બે અલગ અલગ જુગારની રેડ દરમિયાન કુલ 10 ઈસમોને ઝડપી પાડી જુગાધારા મુજબ કાર્યવાહી કરી અને બે ભાગી ગયેલા પકડવાના બાકી હોય તેઓની સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે



